**સુવિચાર**

''સુખ આપણાં અભિમાનની પરીક્ષા લે છે ને દુઃખ આપણી ધીરજની કસોટી કરે છે.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૮/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિ ૐ
PENDAWALA
તમારી વાણી એ તમારા વિચારોનો પડઘો છે.
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા સુદ-૧ વર્ષ : ૧૬ અંક : ૨૧૫


## જાફરાબાદ પંથકનાં ૧૧ માચ્છીમારો દરિયામાં લાપતા થયા બાદ

# બે માચ્છીમારનાં મૃતદેહ દરિયાકાંઠે આવતાં શોકનો માહોલ

**પિપાવાવ પોર્ટ ખાતે બંને મૃતદેહોને લઈને દરિયાઈ જહાજ પહોંચ્યુ**

**બંને મૃતદેહને એમ્બ્યુલન્સ મારફત જાફરાબાદ સરકારી દવાખાને લઈ જવાયા**

**અમરેલીનાં સાંસદ સુતરીયા, સ્થાનિક ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**

**અન્ય ૯ માચ્છીમારોની પણ યુદ્ધનાં ધોરણે શોધખોળ કરવામાં આવી રહી છે**



અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લાના દરિયા કાંઠાના જાફરાબાદ દરિયામાં છેલ્લા પાંચેક દિવસથી લાપતા થયેલા ૧૧ ખલાસીઓને શોધવા માટે મધ્ય દરિયે કોસ્ટગાર્ડનું જહાજ ચક્કર મારી રહયું હતું. ત્યારે લાપતા થયેલા ૧૧ માચ્છીમારો પૈકી ૨ માચ્છીમારોના મૃતદેહ ગઈકાલે જાફરાબાદથી ૨૭ નોટિકલ માઈલ મળી આવ્યા હતા. તેને આજે બપોરે તે બંને મૃતદેહોને દરિયાઈ જહાજ મારફતે પીપાવાવ પોર્ટ ખાતે લવાયા હતા. જયાંથી એમ્બ્યુલન્સ મારફતે જાફરાબાદ સરકારી દવાખાને લઈ જવાયા હતા. ત્યારે ભારે શોકનોમાહોલછવાયજવાપામેલહતો.

આ બનાવમાં જાફરાબાદ દરિયામાં છેલ્લા પાંચેક દિવસ પહેલાં જાફરાબાદ નજીકના દરિયામાં ભારે કરંટશરૂ થતાંજાફરાબાદનીચારેકબોટે જળ સમાધી લેતાં અનેક ખલાશીઓ લાપતાથયેલાહતા.જેપૈકીઅનેકલોકોને બચાવીલેવાયાહતા.

જે પૈકી ૧૧ ખલાસીઓ દરિયાઈ તોફાનમાં લાપતા બન્યા હતા તેમનેશોધવામાટેમધ્યદરિયેકોસ્ટગાર્ડનું જહાજ ચક્કર મારી રહયું હતું. ત્યારે ગઈકાલેકોસ્ટગાર્ડનીજહેમતનેસફળતા મળી હતી. તેમને લાપતા થયેલા ૧૧ માચ્છીમારો પૈકી ગુમ થનાર વિનોદભાઈ દિશાભાઈ બારૈયા (ઉ.વ.૧૮) તથા દિનેશભાઈ બાબુભાઈબારૈયા (ઉ.વ. ૩૮) નામના ૨ માચ્છીમારનામૃતદેહજાફરાબાદથી ૨૭નોટિકલમાઈલદૂરમળીઆવ્યા

અનુસંધાન પાના ૬ ઉપર

## સાગરખેડુત બોટ માલિકે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# જાફરાબાદ : મૃત્યુ માપેલ સાગરખેડુતનાં પરિવારને ઓછામાં ઓછા ૨૫ લાખની સહાય કરો

**દરિયા કિનારે હંમેશા સારા જહાજો, સ્ટીમર અને સાધનો ઉપલબ્ધ કરાવો**

અમરેલી, તા.૨૩

જાફરાબાદની સાગરખેડુત બોટનાં માલિક યશવંતભાઈ બારૈયા એ મુખ્ય મંત્રીને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત રાજય પાસે ૨૦૦૦કિ.મી.થીવધુદરિયાકિનારોછે. હજારો સાગર ખેડુતો દરરોજ પોતાના પરિવારોનું ગુજરાનચલાવવાજીવનનો જોખમ લઈને દરિયામાં ઉતરે છે. પરંતુ વાતાવરણમાં અચાનક થતા ફેરફારને કારણેવારંવારબોટડૂબીજવાનીદુઃખદ ઘટનાઓબનતીરહેછે.

હાલમાં જાફરાબાદના દરિયામાં ૩ બોટ તોફાની વાતાવરણને કારણેડૂબીગઈહતી.જેમાંથી ૧૭સાગર ખેડુતોનેબચાવવામાંઆવ્યાછે. પરંતુ ૧૧ સાગર ખેડુતો હજુ લાપતા છે. જાફરાબાદનાદરિયાકિનારેજ ૫૦૦થી વધુ બોટ દરરોજ માછીમારી માટે જાય છે. જેમાં હજારો કુટુંબો રોજી–રોટી મેળવેછે.દરિયોશાંતહોયત્યારેજસાગર ખેડુત સુરક્ષિત રહે, પરંતુ વાતાવરણ અચાનકબગડે ત્યારે તેઓ માટે બહાર નીકળવુંઅશકયબનેછે.

વધુમાંજણાવેલછેકે,હુંપણ

અનુસંધાન પાના ૬ ઉપર


**જગ્યા ભાડે આપવાની છે**

અમરેલી શહેરના કોર્પોરેટ પોશ એરીયા, માણેકપરામાં મુખ્યમાર્ગ પર અંદાજે ૭૦૦ ફુટ, ગ્રાઉન્ડફ્લોર જગ્યા ભાડે આપવાની છે.

**દલાલભાઈઓ આવકાર્ય**

Mo.94264 48278
Mo.94264 21548






**શુભારંભ પ્રસંગે આમંત્રણ**

આપ સર્વોનાં આશિર્વાદ તથા દર્દી દેવો ભવઃની ભાવના ધરાવતા અમરેલી જિલ્લાના લીલીયા મોટાનાં દાંતના પ્રખ્યાત ડોકટર તોમર સાહેબનું નવું સોપાન લીલીયા મોટા મુકામે આજરોજ શુભારંભ પ્રસંગે આપ સર્વો મિત્ર-મંડળ, સ્નેહીજનો ડ્રગીસ્ટ, કેમીસ્ટ તેમજ આપ્તજનોને આ પ્રસંગે આશિર્વચન આપવા પધારવા અમારૂ ભાવભર્યુ આમંત્રણ છે...

**શ્રી સીતારામ**





**ડેન્ટલ હોસ્પિટલ**

**ડો. એલ.એસ.તોમર**

તારીખ : ૨૪/૮/૨૫,રવિવાર
સમય : સવારના ૯:૦૦ થી આપના આગમન સુધી
સ્થળ : પોલીસ સ્ટેશન સામે,ડો.કુંભાણી સાહેબનાં દવાખાના પાસે,લીલીયા મોટા







# અમરેલી જિલ્લામાં ઇમિટેશન જવેલરી ભાવમાં ૨ થી ૫ ટકા સુધીનો વધારો



અમરેલી, તા. ૨૩

જિલ્લાના વેપાર ક્ષેત્રમાં છેલ્લા કેટલાક દિવસોથી એક મહત્વપૂર્ણ પરિવર્તન જોવા મળી રહ્યું છે. જિલ્લામાં ઈમિટેશન જવેલરીના ભાવમાં સરેરાશ ૨ થી ૫ ટકા સુધીનો વધારો નોંધાયો છે. આ વધારો અમરેલીના બગસરા, સાવરકુંડલા, રાજુલા, ધારી અને લાઠી જેવા મુખ્ય વેપારી વિસ્તારોમાં ખાસ કરીને જોવા મળ્યો છે. તહેવારોના સીઝન નજીક આવી રહ્યા હોવાથી વેપારીઓ તથા ગ્રાહકો બંનેમાં આ મુદ્દે ચર્ચા ચાલી રહી છે.

**ઈમિટેશનના ભાવમાં વધારો કેમ ?** રાજુભાઈ સોલાકી એ જણાવ્યું કે પોતે ગ્રામીણ વિસ્તારોમાં ઈમિટેશનનું વેચાણ કરે છે. ઈમિટેશન જવેલરીના ભાવમાં વધારો થવાનું મુખ્ય કારણ કાચા માલની કિંમતમાં થયેલો ઉછાળો છે. ખાસ કરીને મેટલ, સ્ટોન, બીડ્સ અને કલરિંગ મટિરિયલ્સના ભાવોમાં છેલ્લા ૬ મહિનામાં સતત વૃદ્ધિ થઈ છે. બહાર ન રાજય અને વિસ્તારથી આવતી કાચા માલની આયાતમાં પણ મોંઘવારી વધવાથી સ્થાનિક સ્તરે તૈયાર થતી ઈમિટેશન જવેલરીના ભાવ વધ્યા છે.

**બીજી બાજુ, ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને મજૂરીના દરો પણ વધી ગયા છે...** રાજુભાઈ એ જણાવ્યું કે પહેલા જે સામાન ૧૦૦ રૂપિયામાં મળતો હતો તે હવે ૧૦૫ રૂપિયા સુધીમાં મળી રહ્યો છે. જો કે ૨ થી ૫ ટકા વધારો નાનો લાગે, પરંતુ મોટા પાયે ખરીદી કરતી દુકાનો અને હોલસેલ વેપારીઓ માટે આ વધારો નોંધપાત્ર છે.

**અમરેલી, બગસરા, સાવરકુંડલા, રાજુલા, ધારી અને લાઠી મુખ્ય કેન્દ્ર** અમરેલી જિલ્લાના અનેક તાલુકાઓમાં ઈમિટેશન જવેલરીનો વેપાર ચાલે છે, પરંતુ ખાસ કરીને અમરેલી ,બગસરા, સાવરકુંડલા, રાજુલા, ધારી અને લાઠી શહેરોમાં ઈમિટેશનના વેપારીઓ મોટી સંખ્યામાં છે. અહીંથી માલ અમરેલી શહેર સહિત નાના ગામડાંઓમાં સપ્લાય થાય છે. લગ્ન પ્રસંગો, તહેવારો અને કાર્યક્રમોમાં ઈમિટેશન જવેલરીની ભારે માંગ રહેતી હોવાથી આ વિસ્તારો હંમેશા સક્રિય રહે છે.

ભાવમાં થયેલા વધારાનો સીધો ફટકો ગ્રાહકો પર પડ્યો છે. સામાન્ય પરિવારો, ખાસ કરીને મધ્યમ વર્ગના લોકો, લગ્ન પ્રસંગો અને તહેવારોમાં સોનાની જવેલરીને બદલે ઈમિટેશન જવેલરી લેતા હોય છે. તેઓ માટે ઈમિટેશનમાં પણ ભાવ વધારાનો બોજ અનુભવાઈ રહ્યો છે.

ગ્રાહક જણાવે છે કે "અમે દર વર્ષે દીકરીઓ અને બહેનો માટે થોડું ઘણું ઈમિટેશન લઈએ છીએ, પરંતુ આ વર્ષે જે વસ્તુ ૫૦૦ રૂપિયામાં મળતી હતી તે હવે ૫૦૫ કે ૫૧૫ રૂપિયામાં મળી રહી છે. નાના સ્તરે પણ આ વધારો ખિસ્સા પર ભારે પડે છે.

અમરેલી જિલ્લામાં ઈમિટેશન જવેલરી ઉદ્યોગ રોજગારીનું એક મહત્વપૂર્ણ સાધન છે. ખાસ કરીને મહિલાઓ ઘરમાં બેઠા બેઠા આ પ્રકારની જવેલરી બનાવે છે અને સ્થાનિક બજારમાં વેચે છે. ભાવમાં વધારો થવાથી ઉત્પાદનનો ખર્ચ પણ વધ્યો છે. પરંતુ માગમાં ઘટાડો ન થાય તેની ખાતરી કરવી વેપારીઓ માટે પડકારરૂપ બની છે.

આગામી સમયમાં નવરાત્રિ, દિવાળી જેવા તહેવારો આવવાના છે. નવરાત્રિમાં ખાસ કરીને યુવતીઓ અને મહિલાઓ ઈમિટેશન જવેલરીનો ભારે ઉપયોગ કરે છે. વેપારીઓ માનતા છે કે ભાવમાં થોડો વધારો થયો હોવા છતાં ગ્રાહકોની માંગમાં મોટા પ્રમાણમાં ઘટાડો નહીં થાય. પરંતુ રિટેલ સ્તરે નાના ગ્રાહકો ખરીદીમાં કાળજી લેશે અને જરૂરિયાત મુજબ જ સામાન લેશે.

વેપારીઓ મુજબ જો કાચા માલના ભાવ સ્થિર થાય તો આગામી મહિનાઓમાં ફરીથી ભાવ સામાન્ય થઈ શકે છે. પરંતુ જો આયાતના ખર્ચમાં વધારો ચાલુ રહેશે તો ઈમિટેશનના ભાવ વધુ ઉંચા જવાની શકયતા છે. હાલના પરિસ્થિતિને જોતા વેપારીઓ પણ સતર્ક છે અને ગ્રાહકોને યોગ્ય દરે સામાન મળી રહે તેની કોશિશ કરી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં ઈમિટેશનના ભાવમાં ૨ થી ૫ ટકા સુધીનો વધારો નોંધાયો છે. બગસરા, સાવરકુંડલા, રાજુલા, ધારી અને લાઠી જેવા મુખ્ય વેપારી વિસ્તારોમાં વેપારીઓ તથા ગ્રાહકો બંનેમાં આ મુદ્દે ચર્ચા છે. કાચા માલ, ટ્રાન્સપોર્ટેશન અને મજૂરીના વધેલા ખર્ચને કારણે આ વધારો થયો છે. તહેવારોની સીઝન નજીક આવી રહી હોવાથી વેપારીઓને આશા છે કે માગ યથાવત રહેશે, જયારે ગ્રાહકો વધેલા ભાવને લઈને સાવચેત ખરીદી કરશે.

## ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત CEIR પોર્ટલથી સાવરકુંડલા ટાઉન પોલીસે ખોવાયેલ મોબાઈલ ફોન માલિકને પરત અપાવ્યો

### CEIR પોર્ટલ પોલીસ માટે અસરકારક સાધન

સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા ટાઉન પોલીસ દ્વારા લોકોની સુરક્ષા સાથે જ જનહિતનાં કાર્યોમાં પણ આગવું યોગદાન આપવામાં આવી રહ્યું છે. તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પોલીસ દ્વારા ખોવાયેલો મોબાઈલ ફોન તેના માલિકને પરત અપાવવાનો પ્રસંગ સ્થાનિક સ્તરે નોંધપાત્ર રહ્યો.

જણાવાયું છે કે અરજદારનો મોબાઈલ ફોન થોડા દિવસો પહેલા ખોવાઈ ગયો હતો. જેના કારણે અરજદાર મુશ્કેલીમાં મુકાયા હતા. પરંતુ સાવરકુંડલા ટાઉન પોલીસ દ્વારા CEIR (Central Equipment Identity Register) પોર્ટલનો ઉપયોગ કરીને મોબાઈલ ટ્રેક કરવાની કામગીરી હાથ ધરવામાં આવી. ટેકનોલોજી અને તંત્રની સહાયથી ખોવાયેલો મોબાઈલ શોધી કાઢવામાં સફળતા મળી અને ત્યારબાદ ફોન અરજદારને સન્માનપૂર્વક પરત અપાયો.

આ પ્રસંગે પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે CEIR પોર્ટલ ગુજરાત પોલીસ માટે એક અસરકારક સાધન સાબિત થઈ રહ્યું છે. તેની મદદથી ખોવાયેલા મોબાઈલ ફોન ઝડપથી ટ્રેસ કરી માલિકોને પરત અપાવવાના અનેક કિસ્સાઓ નોંધાયા છે. આ પ્રક્રિયા માત્ર લોકોની મિલકત પરત અપાવવાનું કામ નથી. પરંતુ પોલીસ પ્રત્યે જનવિશ્વાસ વધારવાનું એક પગલું છે.

અરજદારએ ફોન પરત મળતા પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો અને જણાવ્યું કે આવી સેવાઓથી સામાન્ય નાગરિકોમાં પોલીસ પ્રત્યે સકારાત્મક ભાવના વિકસે છે.

સાવરકુંડલા ટાઉન પોલીસના આ કાર્યને સ્થાનિક લોકો દ્વારા પ્રશંસા મળી રહી છે. ટેકનોલોજીના અસરકારક ઉપયોગ સાથે પોલીસ લોકહિતના કાર્યમાં આગેવાની લઈ રહી છે. જે સમાજમાં સુરક્ષા સાથે માનવતા અને વિશ્વાસના સંદેશા ફેલાવી રહ્યાં છે.

## સતત વરસાદી માહોલથી ઠેર–ઠેર ગંદકી સહિતની સમસ્યા

# બગસરાનાં રહેણાંક વિસ્તારોમાં ગોઠણડૂબ પાણી ભરાયા હોય પાલિકાનાં શાસકો કુંભકર્ણની નિંદ્રામાં

### સ્થાનિકોને ઘરની બહાર નીકળવામાં થાય છે પરેશાન



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૩

બગસરા શહેરમાં વરસેલા ભારે વરસાદે મારૂતિનગર વિસ્તારના લોકોને મુશ્કેલીમાં મૂકી દીધા છે. વિસ્તારમાં પડેલા વરસાદી ઝાપટાઓને કારણે રોડ રસ્તા તેમજ ખુલ્લી જગ્યાઓમાં પાણી ભરાઈ જતા નાગરિકો માટે અવરજવર મુશ્કેલ બની ગઈ છે. ખાસ કરીને રહેણાંક વિસ્તારોની ગલીઓમાં પાણી ભરાઈ જતાં લોકો ઘરમાં જ બંધાયેલી સ્થિતિમાં આવી ગયા છે.

પાણી ભરાવાના કારણે સ્થાનિક રહેવાસીઓને રોજિંદા જીવનની કામગીરીમાં ભારે અવરોધ સર્જાયો છે. બાળકોને શાળાએ જવામાં મુશ્કેલીઓ પડી રહી છે, તો બીજી તરફ રોજિંદા કામકાજ માટે બહાર નીકળવું જોખમરૂપ બન્યું છે. કેટલાક વિસ્તારોમાં પાણી ઘરોની અંદર ઘૂસી જતાં ઘરગથ્થુ સામાનને નુકસાન પહોંચ્યું છે.

રહેવાસીઓએ નગરપાલિકા તંત્ર સામે રોષ વ્યકત કર્યો છે. તેઓનું કહેવું છે કે લાંબા સમયથી નિકાસ વ્યવસ્થાની સમસ્યા યથાવત છે, પરંતુ તંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં આવતા નથી. દરેક વરસાદી સિઝનમાં આવી પરિસ્થિતિ ઉભી થતી હોવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી.

સ્થાનિક લોકોનું કહેવું છે કે તંત્ર તાત્કાલિક ડી–વોટરિંગ પંપ દ્વારા પાણીની નિકાલ કરે તેમજ નાળાઓ અને ગટરના સફાઈ કામને પ્રાથમિકતા આપે. નહિ તો ચેપજન્ય રોગચાળો ફાટી નીકળવાની સંભાવના છે.

મારૂતિનગરમાં પાણી ભરાવાની હાલની પરિસ્થિતિએ ફરી એક વાર શહેરની નિકાસ વ્યવસ્થાની ખામીઓને ઉજાગર કરી છે. લોકો તંત્ર પાસેથી તાત્કાલિક રાહત અને કાયમી ઉકેલની માંગ કરી રહ્યા છે.

## સાવરકુંડલાનાં યુવાનોએ ગંગામૈયામાં સદ્ગતનાં અસ્થિઓનું કર્યુ વિસર્જન



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલાના ખડકાળા ગામના અને રાજુલા ડેપોમા એસ. ટી.ડેપોમા ફરજ બજાવતા કાઠી સમાજના યુવાન એવા જયરાજભાઈ જે. ખુમાણ ને ચાર વર્ષ પૂર્વે આવેલ સદવિચાર ને પોતાના જીવનમા અમલ મૂકી તેને એક પરંપરા બનાવી દીધી કે કોઈ પણ નાતજાતના ભેદભાવ વિના સદ્ગતના અસ્થિઓને લઈ જઈ હરીદ્વાર સ્થિત ગંગા મૈયામા પુરી શાસ્ત્રોકત વિધી સાથે વિસર્જન કરવામાં આવે. ત્યારે આ પરંપરાને જાળવી રાખી આજ રોજ તા. ૨૩/૮/૨૦૨૫ શનિવાર ભાદરવી અમાસના રોજ જયરાજભાઈ જે ખુમાણ (ખડકાળા), ની સાથે આ ઉમદા કાર્યમા હકુભાઈ વરૂ, ખોડુભાઈ બોરીચા, રૂખડભાઈ જાદવ. (નાગેશ્રી), મહેશભાઈ ખુમાણ (સેંજળ), રવિરાજભાઈ જેબલીયા (સા. કુંડલા.) વગેરે મિત્રો જોડાઈ પોત પોતાની સાથે લાવેલ સદ્ગતના અસ્થિ ઓને પુરા શાસ્ત્રોક્ત વિધી સાથે માં ગંગામા વિસર્જન કરવામાં આવેલ. આમ ઉપરોક્ત સેવાભાવી યુવાનો દ્વારા છેલ્લા કેટલાક વર્ષથી કરવામાં આવેલ નિસ્વાર્થ પ્રેરણાદાયક કાર્ય ને લોકો બિરદાવી રહ્યા છે. દિલુભાઈ એમ. ખુમાણની યાદી દ્વારા જણાવવામાં આવેલ છે.

## જાફરાબાદ દરિયાકાંઠે લાપતા ખલાસીઓની ઘટનાને પગલે ધારાસભ્ય કૌશિક વેકરીયા દ્વારા પરિવારજનોને સાંત્વના



અમરેલી, તા. ૨૩


જાફરાબાદ દરિયાકાંઠે તાજેતરમાં બનેલી દુઃખદ ઘટનાએ સમગ્ર જિલ્લામાં શોકની લાગણી છવાઈ છે. દરિયામાં માછીમારી કરવા ગયેલી બોટો તોફાની હવામાનની અસરને કારણે મુશ્કેલીમાં ફસાઈ જતાં કુલ ૧૧ ખલાસીઓ લાપતા થયા હતા. અનેક દિવસોથી ચાલુ રહેલી શોધખોળ બાદ હાલમાં બે ખલાસીઓના મૃતદેહો મળી આવ્યા છે. જયારે અન્ય લાપતા ખલાસીઓની શોધ કામગીરી ચાલુ છે. આ ઘટનાએ જાફરાબાદ સહિત સમગ્ર દરિયાકાંઠાના પરિવારોને દુઃખમાં મુકી દીધા છે.

આ ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લાના ધારાસભ્ય તથા નાયબ દંડક કૌશિક વેકરીયા જાફરાબાદ પહોંચ્યા હતા. તેમણે લાપતા ખલાસીઓના પરિવારોને રૂબરૂ મળી તેમને સાંત્વના પાઠવી હતી. પરિવારજનોના દુઃખમાં ભાગીદાર બની તેમણે જણાવ્યું કે સરકાર તેમજ સ્થાનિક તંત્ર તરફથી શકય તમામ મદદ ઉપલબ્ધ કરાવવામાં આવશે. મૃતદેહોને કિનારે લાવવા માટે બોટની તાત્કાલિક વ્યવસ્થા કરવા તંત્રને જરૂરી સૂચનાઓ પણ આપ્યા.

ધારાસભ્ય વેકરીયાએ ખાતરી આપી કે દરિયાકાંઠે થતા અકસ્માતો પર નિયંત્રણ માટે તંત્ર સ્તરે સાવચેતીના પગલાં મજબૂત બનાવવામાં આવશે. જેથી આવી દુર્ઘટના ફરી ન બને. તેમણે માછીમારોને સાતત્યપૂર્ણ રીતે સુરક્ષા સાધનોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા.

પરિવારો સાથેની આ મુલાકાતથી શોકાકુલ લોકોમાં આશ્વાસનનો માહોલ સર્જાયો હતો. કૌશિક વેકરીયાએ સ્પષ્ટ કહ્યું કે આ કપરા સમયમાં સરકાર અને તેઓ પોતે હંમેશા પરિવારજનો સાથે ઉભા છે. આ ઘટનાએ ફરી એકવાર દરિયાકાંઠાના માછીમારોના જીવનના જોખમો અને તેમની સુરક્ષા માટે અસરકારક આયોજનની તાતી જરૂરિયાતને ઉજાગર કરી છે.

# ખેડૂતની દીકરી ઝાંખી સુહાગિયા સમગ્ર ભારતમાં ૮૦૦૦ પ્રતિસ્પર્ધીઓને પાછળ છોડી ચેમ્પિયન બની



હૈદરાબાદ ખાતે ૧૬ આગસ્ટે યોજાયેલી રાષ્ટ્રીય સ્તરની યુસીમાસ (UC-MAS) અબેકસ અને માનસિક ગણિત સ્પર્ધામાં સાવરકુંડલાના પીઠવડી ગામની ૧૩ વર્ષની ઝાંખી ભગીરથભાઈ સુહાગિયાએ ઈતિહાસ રચ્યો છે. સમગ્ર ભારતમાંથી આવેલા ૮૦૦૦ થી વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ વચ્ચે પોતાની કુશળતા સાબિત કરીને ઝાંખીએ ચેમ્પિયનનો ખિતાબ જીત્યો છે. આ સિદ્ધિ માત્ર વ્યકિતગત નહીં પરંતુ સૌરાષ્ટ્ર તેમજ સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે. સ્પર્ધાની વિશેષતા આ પ્રતિસ્પર્ધામાં દેશભરના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અહીં પ્રતિસ્પર્ધીઓને માત્ર આઠ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો અને એ સમયમાં પેપર, પેન કે કેલ્કયુલેટરનો ઉપયોગ કર્યા વગર ૨૦ જેટલા જટિલ ગણિતના દાખલા ઉકેલવાના હતા. ઝડપ, ધ્યાન, એકાગ્રતા અને મગજની ક્ષમતાનો આકરા માપદંડ પરિક્ષણ થતો હોવાથી આ સ્પર્ધા ખુબ જ કઠિન માનવામાં આવે છે. ઝાંખી સુહાગિયાએ અવિસનીય પ્રદર્શન કરીને પ્રથમ સ્થાન મેળવ્યું. સાથે સાથે અન્ય ગુજરાતના વિદ્યાર્થીઓએ પણ પોતાનું પ્રદર્શન કરી ગૌરવ વધાર્યુ. નેવિલ નાકરાણી તૃતીય ક્રમે, મોહમ્મદ હમઝા જાદવ ચોથા ક્રમે અને શ્રેયાંશ નાકરાણી ''ચેષ્ટા સુડાગિયા ટ્રોફી વિનર'' તરીકે ઉભરી આવ્યા. ફકત ગણિત નહીં, જીવનકૌશલ્યોનો વિકાસ આ સ્પર્ધાનો ઉદ્દેશ ફકત ગણિતની ગણતરીઓ પુરતો નથી. અબેકસ તથા માનસિક ગણિતની તાલીમથી બાળક ફકત આંકડાઓ હિસાબ કરવાનું જ નહીં, પરંતુ સમયનું સંચાલન, દબાણ હેઠળ ઝડપથી વિચારવાની શકિત, ધ્યાન કેન્દ્રિત રાખવાની ક્ષમતા અને આત્મવિસ જેવા જીવન માટે અગત્યના કૌશલ્યો વિકસાવે છે. અબેકસ પદ્ધતિ બાળકના ડાબા અને જમણા એમ બંને મગજને એકસાથે સક્રિય કરે છે. જેના કારણે બાળક સર્વાંગી વિકાસ તરફ આગળ વધે છે. ઝાંખીની મહેનત અને અનુશાસન ઝાંખી ભગીરથભાઈ સુહાગિયાએ પોતાની સફળતા વિશે જણાવતાં કહ્યું : હું છેલ્લા ત્રણ મહિનાથી સતત મહેનત કરી રહી હતી. દિનપ્રતિદિન કલાકો સુધી પ્રેક્ટિસ કરી. હું ૨૪ કલાકમાંથી માત્ર ૩૦ મિનિટ જ મોબાઈલનો ઉપયોગ કરૂ છું, એ પણ મારા આનલાઈન લેક્ચર જોવા અને ગણિતનું જ્ઞાન મેળવવા માટે. મારા બધા મિત્રો અને વિદ્યાર્થીઓને હું કહેવા માગું છું કે મોબાઈલનો બિનજરૂરી ઉપયોગ ન કરો. આ નિવેદન દર્શાવે છે કે ઝાંખી જેવી નાની વયે જ પોતાના લક્ષ્ય માટે કેટલું અનુશાસન રાખે છે અને સમયનો મૂલ્યવાન ઉપયોગ કરે છે. શિક્ષકનું માર્ગદર્શન ઝાંખીની આ સફળતા પાછળ તેના માર્ગદર્શક પાર્થ સૂચકનું મહત્વપૂર્ણ યોગદાન છે. પાર્થ સૂચકે જણાવ્યું : ઝાંખીએ કુલ ૨ લાખ દાખલા ગણવાની પ્રેકિટસ કરી હતી. સતત પ્રેકિટસ, ધીરજ અને મહેનતનું જ પરિણામ છે કે આજે તેને રાષ્ટ્રીય સ્તરે ચેમ્પિયનનો ખિતાબ મળ્યો છે. અમને ગર્વ છે કે ગ્રામ્ય વિસ્તારમાંથી આવી વિદ્યાર્થિનીએ સમગ્ર ભારતમાં પોતાનું નામ પ્રકાશિત કર્યું છે. ગામ અને પરિવારમાં આનંદનો માહોલ ઝાંખીનો વિજય માત્ર તેના પરિવાર માટે નહીં, પરંતુ સમગ્ર પીઠવડી ગામ માટે આનંદનો પ્રસંગ બની ગયો છે. ખેડૂત પરિવારની દીકરીએ રાષ્ટ્રીય સ્તરે નામ રોશન કરતા ગામવાસીઓમાં ગેરવની લાગણી જોવા મળી રહી છે. શાળાના શિક્ષકો અને મિત્રો પણ ખુશી વ્યકત કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર પણ ઝાંખીની સિદ્ધિને વધાવતાં સંદેશાઓનો વરસાદ થઈ રહ્યો છે. પ્રેરણાત્મક સંદેશ ઝાંખીની આ સિદ્ધિ એ વાત સાબિત કરે છે કે પ્રતિભા માટે શહેર કે ગામ, ગરીબી કે સમૃદ્ધિનો ભેદ નથી પડતો. યોગ્ય માર્ગદર્શન, સતત મહેનત અને આત્મવિસ સાથે દરેક બાળક વિસ્તરે પોતાનું સ્થાન બનાવી શકે છે. ખાસ કરીને આજના સમયમાં, જયાં બાળકોનો મોટો સમય મોબાઈલ અને સોશિયલ મીડિયામાં બગડે છે, ત્યાં ઝાંખીએ પોતાના અનુશાસિત જીવનશૈલી દ્વારા અનોખો સંદેશ આપ્યો છે. ઝાંખી ભગીરથભાઈ સુહાગિયા જેવી પ્રતિભાઓ ભારતનું ભવિષ્ય છે. એક ખેડૂતની દીકરીએ પોતાની મહેનત, એકાગ્રતા અને ધીરજના બળે સમગ્ર દેશના ૮૦૦૦ સ્પર્ધકોને પાછળ રાખી પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ વિજયથી માત્ર પરિવાર અને ગામ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત ગૌરવ અનુભવી રહ્યું છે. ઝાંખીની આ સફળતા નિશ્ચિત રૂપે અનેક બાળકોને પ્રેરણા આપશે કે સંકલ્પ અને મહેનતથી કઈ રીતે અશક્ય લાગતી સફળતાઓ મેળવી શકાય.

# લીલીયા : સરકારી કોલેજમાં મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



લીલીયા, તા. ૨૩

સરકારી વિનયન અને વાણિજય કોલેજ લીલીયામાં કોલેજના મતદાર સાક્ષરતા કલબ ધ્વારા તા. ૨૩/૮/૨૦૨૫નારોજ કોલેજનાઆચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ (GES–CLASS 2)ના નેતૃત્વામાં ડો. મહેશએસ. ગઢિયા (કો–ઓર્ડિનેટર મતદાર સાક્ષરતા કલબ) તથા ડો. મહેશભાઈ વાઘેલા (કો–કોઓર્ડિનેટર મતદાર સાક્ષરતા કલબ) ધ્વારા મતદાર સાક્ષરતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું. કોલેજના વિદ્યાર્થીઓમાંમતદાનવિશેજાગૃતિઆવે અને તેઓ પોતાની રાષ્ટ્રીય ફરજ પ્રત્યે જાગૃતથાયતેવાઉમદાહેતુથીઆકાર્યક્રમ આયોજન કરવામાં આવેલું હતું. કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ (GES–CLASS 2) ધ્વારા મતદાન વિશે ઊંડાણ પૂર્વકની માહિતી અને માર્ગદર્શન પાઠવેલ હતું. તથા ૧૮ વર્ષ પૂર્ણ થયેલા વિદ્યાર્થીઓને ચુંટણી કાર્ડ કઢાવવા માટેની અપીલ કરેલ હતી. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની આભાર વિધિ ડો. પ્રકાશભાઈ પરમાર (આસી. પ્રોફેસર કોમર્સ) ધ્વારા કરવામાં આવેલ હતી.

કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના અધ્યાપક ડો. શિબિરભાઈ પરમાર, ડો. ભારતખેની, ડો. વિરાજબેન રાઠોડ, પ્રા. એલ.એમ. મેમકિયા વગેરેએ જહેમત ઉઠાવી હતી. આમ કાર્યક્રમ ખુબજ સરસ અને સુંદર રીતે સફળ થયો.

# બાબરાના વલારડીના દિવ્યધામ ખાતે ભાદરવી અમાસે પાતાદાદાના સાંનિધ્યમાં ભકિતભાવનો સમાગમ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

ભાદરવી અમાસના પાવન દિવસે સમસ્ત વઘાસિયા પરિવારના રણખાંભીના સુરાપુરા પાતાદાદાના સાનિધ્યમાં અર્પણ, તર્પણ અને સમર્પણના ભાવ સાથે અનેરો ઉત્સાહ જોવા મળ્યો.

આ અવસરે ૫૯૨ ગામના વઘાસિયા પરિવાર સહિત અઢારે વરણના લોકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. સર્વે ભક્તોએ પૂજ્ય પાતાદાદાને પવિત્ર જળ અર્પણ કરી દાદાના આશીર્વાદ પ્રાપ્ત કર્યો.

દિવ્યધામમાં સતત ચાલતા અખંડ હોમાંક યજ્ઞમાં ભક્તોએ આહુતિ અર્પણ કરી દિવ્યશક્તિનો અનુભવ કર્યો. આ પ્રસંગે હજારો ભક્તોએ દિવ્યપ્રસાદ આરોગ્યો, તેમજ અહીં ચાલી રહેલ અવિરત અન્નક્ષેત્ર અંતર્ગત નિરાધાર લોકોને ટિફિન સેવા તેમજ સિવિલ હોસ્પિટલના દર્દીઓને ટિફિન પહોંચાડવાની સેવા અને જલ સેવાને લોકોએ બિરદાવી આ પાવન દિવસે ભક્તિભાવ અને એકતાની અનોખી ઝાંખી સાથે પાતાદાદાનું ભવ્ય દર્શન કરી ભક્તો ભાવવિભોર બન્યા હતા.

## અનેક શ્રમિક પરિવારોએ ચીનાઈ માટીમાંથી મૂર્તિ તૈયાર કરી

# અમરેલીમાં પવિત્ર શ્રાવણ માસ પૂર્ણ થતાં શહેરીજનો ''ગણેશોત્સવ''ની ઉજવણીમાં વ્યસ્ત

## મૂર્તિઓનાં ભાવ ૨૫૦થી લઈને ૨૦ હજાર સુધીનો ભાવ જોવા મળે છે



અમરેલી, તા. ૨૩

શ્રાવણ માસ પુર્ણ થતાંની સાથે જ હવે અમરેલીના લોકો ગણેશોત્સવની તૈયારીમાં લાગી ગયા છે. ત્યારે આગામી બુધવારથી ગણેશોત્સવ શરૂ થઈ રહયો છે. ત્યારે અમરેલીમાં ગણેશોત્સવ નજીક જ આવતા ધીમે ધીમે ઉજવણીનો માહોલ જામતો જાય છે. શહેરમાં ગણપતિજીની મૂર્તિનું આગમન થવા પામેલ છે. શહેરમાં ગણેશોત્સવ દરમિયાન ભકિતભાવની લહેર દોડતી જોવા મળશે. હાલ દરેક ભકતો દ્વારા કરેલી ગણેશ મૂર્તિઓની માંગ વધી છે. લોકો હવે પ્લાસ્ટર ઓફ પેરિસની જગ્યાએ માટીની અને પર્યાવરણ મિત્ર મૂર્તિઓ તરફ વળ્યા છે.

એક મૂર્તિકારે નફા વિશે જણાવ્યું કે એક મૂર્તિ પર આશરે ૧૦૦ રૂપિયાથી લઈ ૩ હજાર રૂપિયા સુધીનો નફો મળે છે, જે તેની સાઈઝ અને ડિઝાઈન પર આધાર રાખે છે. ખાસ કરીને મોટા કદની અને વિશિષ્ટ ડિઝાઈન ધરાવતી મૂર્તિઓમાં વધારે નફો મળે છે. 'હું અને મારા પરિવારના સભ્યો મળીને આ કામ કરીએ છીએ. અમારૂં ધ્યેય માત્ર નફો નહીં, પણ ભકતોની શ્રદ્ધાને સુંદર રૂપ આપવાનું છે,' અનેક વ્યકિતઓ ગણેશોત્સવ દરમિયાન માત્ર વેપાર નહીં, પરંતુ કળા અને પરંપરાને જીવંત રાખવાનો પ્રયત્ન કરે છે. ચીનાઈ માટી જેવી કુદરતી વસ્તુમાંથી શાંતિદાયક અને સૌમ્ય રૂપ ધરાવતી મૂર્તિ બનાવવી એ એક સાધના સમાન છે.

ગણેશોત્સવનો આ તહેવાર માત્ર ભકિત અને આરાધના સુધી મર્યાદિત નથી, પણ અનેક મૂર્તિકાર પરિવારોએ આ ગણેશોત્સવ તહેવારથી રોજગાર અને આત્મનિર્ભરતા પણ હાંસલ કરી છે. અમરેલી શહેરમાં વિવિધ વિસ્તારોમાં આવા અનેક કલાકારોએ પોતાની ઝૂંપડી કે નાનકડા વર્કશોપ બનાવી મૂર્તિઓ તૈયાર કરી રાખી છે, જયાંથી ગ્રાહકો સીધા ખરીદી કરે છે. આ વર્ષે પણ ગણેશોત્સવને અનુરૂપ માંગ વધી રહી છે અને મહેનત કરનાર કલાકારો માટે આ દિવસો આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યા છે. એવી આશા છે કે લોકો પર્યાવરણમૈત્રી અને સ્થાનિક ઉત્પાદકો તરફ વળે છે, તેવી જ રીતે આવા કલાકારોને સતત સહારો મળે અને તેમનું કૌશલ્ય વધુ વિકસે છે.



મૂર્તિકાર પ્રતાપભાઈ સોલંકી, જે મૂળ મારવાડી પરિવારમાંથી આવે છે અને વર્ષોથી અમરેલીમાં રહેતા આવે છે, આજે પણ તેઓ પરંપરાગત રીતે ગણેશજીની મૂર્તિઓ બનાવે છે. તેમણે જણાવ્યું હતું કે, 'અમે ચીનાઈ માટીમાંથી મૂર્તિઓ બનાવીએ છીએ. એક મૂર્તિ તૈયાર થવામાં આશરે ૪ થી ૬ દિવસ લાગે છે. અમે ગણેશોત્સવના ૪ મહિના પહેલાથી તૈયારી શરૂ કરીએ છીએ અને દર વર્ષે ૫૦૦ થી પણ વધુ મૂર્તિઓ બનાવીએ છીએ.'



ગણેશ ભકત દ્રષ્ટિબેન રૂપારેલે જણાવ્યું હતું કે, અમરેલી શહેર તથા આજુબાજુના અનેક ગ્રામ્ય અને નગર વિસ્તારોમાં આવેલા ભગવાન ગણેશજીના મંદિરમાં અથવા તો સાર્વજનિક પંડાલ તથા પારિવારિક રીતે ગણેશોત્સવની હજારોની સંખ્યામાં ખુબ જ ધામધુમ પુર્વક ઉજવણી થાય છે. સૌ કોઈ પોતાની આસ્થા પ્રમાણે ૩ દિવસ, ૫ દિવસ, ૭ દિવસ કે ૧૦ સુધી ભગવાન ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરે છે.

રહેતા અનેક પરિવારો દ્વારા ચીનાઈ માટીમાંથી ગણેશજીની મૂર્તિઓ બનાવવામાં આવે છે. મૂર્તિઓના ભાવ હાલ ૨૫૦ રૂપિયાથી લઈને ૨૦ હજાર રૂપિયા સુધીના જોવા મળે છે.

અમરેલી શહેરમાં ઘરોમાં સ્થાપન માટે સુંદર અને જુદી જુદી આકૃતિઓમાં ગણેશજીની મૂર્તિઓ ખરીદવામાં આવી રહી છે. આવા સમયે અમરેલી શહેરમાં કેટલાક કલાકાર કુટુંબો છે જે વર્ષોથી ચીનાઈ માટીમાંથી ગણપતિજીની મૂર્તિઓ બનાવી અને વેચાણ પણ કરે છે.

અમરેલી જિલ્લામાં વિવિધ ગામડાઓ અને શહેરના ગ્રાહકો ખાસ કરીને અમરેલીમાંથી મૂર્તિઓ ખરીદવા આવે છે. અત્યારે હાલ દરરોજ ૧૦થી પણ વધુ મૂર્તિઓનું વેચાણ થાય છે. મૂર્તિઓના ભાવ મૂર્તિના કદ, ડિઝાઈન અને કલર વર્ક પર આધાર રાખે છે. મૂર્તિકારના જણાવ્યા મુજબ દરેક મૂર્તિને બનાવવા પાછળ કલાકોની મહેનત અને કલાકારી જોડાયેલી છે. આ વર્ષે ખાસ કરીને સાફ અને કુદરતી રંગોથી તૈયાર

# અમરેલી જીએસઆરટીસી (એસ.ટી.)માં એપ્રેન્ટિસશીપની તક

અમરેલી, તા. ૨૩

એપ્રેન્ટિસ એકટ ૧૯૬૧ અન્વયે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી) (એસ.ટી.) અમરેલી વિભાગ ખાતે એપ્રેન્ટિસની ખાલી જગ્યાઓ પર ભરતી થશે.

જીએસઆરટીસી અમરેલી વિભાગ હેઠળનાં અમરેલી, સાવરકુંડલા, બગસરા, ધારી, રાજુલા, ઉના, કોડીનાર ડેપો–વિભાગીય યંત્રાલય ખાતે ઓગસ્ટ–ઓકટોબર– ૨૦૨૫નાં ભરતી સત્ર માટે એપ્રેન્ટિસની ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

મિકેનીક સાઈડનાં ટ્રેડમાં ધોરણ ૧૦ પાસ ફરજિયાત તથા આઈ.ટી.આઈ.ના ડિઝલ મિકેનીક/ એમ.એમ.વી., ઈલેકિટ્રશયન, ફિટર, વેલ્ડર, વાયરમેન ટ્રેડમાં આઈ.ટી.આઈ. પાસની તેમજ વહીવટી કામગીરી માટે આઈ.ટી.આઈ. કોપા ટ્રેડ અને ધો.૧૨ પાસ ફરજિયાત છે.

જીએસઆરટીસી અમરેલીમાં એપ્રેન્ટિસ તરીકે જોડાવવા ઈચ્છુકોએ, અમરેલી લાઠી રોડ સ્થિત અમરેલી જીએસઆરટીસી વિભાગીય કચેરી ખાતેથી કચેરી કામગીરી સમય અને જાહેર રજા સિવાયના દિવસોમાં તા.૨૫/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૦૯/ ૨૦૨૫ સુધીમાં રૂબરૂ રૂા.પાંચ ચૂકવી આ અરજી–ફોર્મ સવારે સમય ૧૧ થી બપોરે ૨ કલાક સુધીમાં મેળવવા.

તા.૧૮–૦૯–૨૦૨૫ના રોજ સાંજે ૪ વાગ્યા સુધીમાં જરૂરી વિગતો સાથેના અરજીપત્રકો જમા કરાવવા. નિયત સમયમર્યાદા વિત્યે અરજીપત્રકો સ્વીકારવામાં આવશે નહિ. આ અંગેની વધુ વિગતો માટે મેળવવા કચેરીનો રૂબરૂસંપર્ક કરવો.

અરજી કર્તાએ, http://www.apprenticeshipindia.gov.in/ પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવું. તેમજ રજિસ્ટ્રેશન પ્રોફાઈલમાં (૧) શાળા છોડ્યાનું (જ.ક.ઈ.) પ્રમાણપત્ર, (૨) આધારકાર્ડ અપલોડ કરવું ફરજિયાત છે. ઓનલાઈન રજિસ્ટ્રેશન નહિ થયું હોય તે અરજી–ફોર્મ રદ–કમી પાત્ર થશે, તેમ અમરેલી જીએસઆરટીસી વિભાગીય નિયામકે એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૧૦, પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

































ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫

**પ્રકરણ.. ૨૪૮- ૧૯૬૪**

**૧) તુમ કમસીન હો..નાદાન હો.નાજુક હો.ભોલી.હો ..સોચતા હું મે કી**
**૨) અહા.આઈ મિલન કી બેલા દેખો આઈ..બન કે ફૂલ હર કલી મુસકાઈ**
**૩) તુમ્હે એર ક્યાં દૂ મે દિલ કે સિવા ..તુમ કો હમારી ઉમર લગ જાય**
**૪) આ સનમ તેરે હો ગયે હમ .પ્યાર મે તેરે ખો ગયે હમ ..જિંદગી કો એ**

**પ્રિય વાચક મિત્રો,**

**આગામી સપ્તાહમાં ભગવાન શ્રી ગણેશજી આવી રહ્યા છે, શ્રી ગણેશ ચતુર્થીની હાર્દિક શુભકામનાઓ.**

૧૯૬૪ના ફિલ્મી સફરમાં હવે માત્ર પાંચ સુપર હિટ ફિલ્મો બાકી છે, જેમાં બે ફિલ્મોની વાત આજે કરીશું. રાજેન્દ્ર કુમાર સિલ્વર જુબેલી સ્ટાર બની ચૂક્યા છે, તેમની આ વર્ષે ત્રણ ફિલ્મો આવી અને ત્રણે ફિલ્મો ટોપ ટેનમાં સ્થાન પામી, એટ્લે કે સુપર હિટ રહી. પ્રથમ નંબરની ફિલ્મ પણ રાજ કપૂર સાથે રાજેન્દ્ર કુમારની રહી. પણ તેમ છતા, રાજ, દિલિપ અને દેવની ત્રિપુટી તેમને બેસ્ટ એકટરના એવાર્ડ સુધી પહોચવા દેતા નથી. સંગમ ફિલ્મમાં રાજેન્દ્ર કુમારના અભિનયની ભારોભાર પ્રસંસા થઈ, પણ બેસ્ટ એક્ટરનો એવાર્ડ દિલિપ કુમાર ફિલ્મ લીડર માટે લઈ ગયા. રાજેન્દ્ર કુમારની સાથે




શમ્મી સંપૂર્ણ હરીફાઈમાં ચાલી રહ્યા છે, અને તેમની ફિલ્મોની વાત આગામી અંકમાં કરીશું. આજની ફિલ્મમાં અભિનેતા ધર્મેન્દ્ર એક ખલ નાયકના પાત્રમાં જોવા મળી રહ્યા છે. ધર્મેન્દ્ર ત્યારબાદ ૧૯૮૦ના સમયમાં એક ફિલ્મમાં નકારાત્મક ભૂમિકામાં જોવા મળશે. પણ તે આજની ફિલ્મ મુજબ હશે, ફિલ્મમાં તેઓ સહ નાયક પણ છે અને ખલનાયક પણ છે. આજની રાજેન્દ્ર કુમારની બે ફિલ્મોની વાત કરીયે.

આઈ મિલન કી બેલાં – જે ઓમ પ્રકાશના નિર્માણમાં આ બીજી ફિલ્મ છે, જે ઓમ પ્રકાશ એટ્લે આજના મશહૂર કલાકાર રીતિવિક રોશનના નાના છે, તેઓ તેમની ફિલ્મોનું ટાઈટલ હમેશા "અ" ઉપરથી રાખતા હતા. આ ફિલ્મનું નિર્દેશન મોહન કુમારે કરેલ છે, નિર્દેશક રૂપે જે ઓમ પ્રકાશ સાથે બીજી અને તેમની ત્રીજી ફિલ્મ છે, અને આજ સુધીની તમામ ફિલ્મ સફળ રહી છે. સચિન ભૌમિકની કહાની, અને સ્કીન પ્લે, વી.બાબા સાહેબની સિનેમા ઓટોગ્રાફી, પ્રતાપ દવેની એડિટિંગ, શૈલેન્દ્ર અને હસરત જઈપૂરીની કલમના જાદુમાં શંકર જયકિશનનું મધુર સંગીત, જેમાં રફી સાહેબ, લતાજી અને આશાજીના મધુર કંઠથી આ ફિલ્મને સજાવવામાં આવી છે, રાજેન્દ્ર કુમાર, ધર્મેન્દ્ર, સાયરા બાનુ, નાસિર હુસેન, શશિકલા, સુલોચના, સુંદર, મુમતાઝ બેગમ, ગજાનન જાગીરદાર, મધુ અપટે, કેશવ રાણા અને મદન પૂરીથી અભિનીત આ ફિલ્મ વર્ષ ૧૯૬૪ની બીજા નંબરની સફળ ફિલ્મ રહી. ફિલ્મનું બજેટ ૭૦ લાખ અને નફો ૨.૨૦ કરોડનો થયો.

ફિલ્મની કથા આજે જૂની અને ઘીસીપીટ્ટી લાગશે, પણ તે સમયે આ કથા નવી હતી, બચપણમાં બે ભાઈઓ અલગ થઈ જાય, યુવાનીમાં પહેલા મિત્ર અને પછી દુશ્મન બને અને અંતમાં ફિલ્મનો સુખદ અંત આવે, તેવી સંપૂર્ણ મનોરંજનથી ભરપૂર આ ફિલ્મ છે, કહાની ટૂંકમાં જોઈએ તો, ગજાનન અને પુષ્પા (મુમતાઝ બેગમ) બંને પતિ પત્ની છે અને ખૂબ અમીર છે, પણ ઘણા વર્ષો બાદ તેમને ત્યાં એક મૃત બાળક જન્મે છે, તેની નોકરાણી જે વિધવા છે તેને જોડિયા બાળકો જન્મે છે, ગજાનન તે નોકરાણી લક્ષ્મી (સુલોચના)ને વિનંતી કરે છે કે પુષ્પા નો જીવ બચાવવા તે એક બાળક આપે અને તેની વાત કદી ના કરે. લક્ષ્મી ગજાનના ઉપકાર હેઠળ એક બાળક તેને આપે છે, અને તે તેના બાળકને લઈ ગામડે જતી રહે છે. સમય જતાં શ્યામ (રાજેન્દ્ર) યુવાન થઈ જાય છે,




તે ગામનો મુખી છે, ગામમાં નાસિર એક મંડળી ખોલે છે, અને ગામના ખેડૂતો સમૃદ્ધ થાય છે, નાસિરની પુત્રી સાયરા ગામડે આવે છે, અને શ્યામ સાથે રકઝક બાદ પ્રેમના તાંતણે બંધાય છે, બીજી તરફ ગજાનની હયાતી નથી, પણ તેનો પુત્ર રણજીત (ધર્મેન્દ્ર) પણ ગામડે આવે છે, નાસિર સાયરાના લગ્ન રણજીત સાથે કરવા માંગે છે, રણજીત અને શ્યામ સારા મિત્રો બની જાય છે, રણજીત પણ સાયરાને ચાહવા લાગે છે, પણ તેને ખ્યાલ આવે છે કે સાયરા અને શ્યામ એકબીજાના પ્રેમમાં છે, તે વાત તેને પસંદ પડતી નથી, શ્યામની કંપનીમાં મદન ગેરકાનૂની કામ કરે છે, અને શ્યામ તેને નોકરીથી દૂર કરે છે, મદન ગામની યુવતી શશિકલાને અનૈતિક સંબંધો બાંધી ગર્ભવતી બનાવી દે છે, સાથે રણજીતનો મિત્ર બની શ્યામ વિરૂધ્ધ જવા ઉશ્કેરે છે, શ્યામ પર ચોરી અને શશિકલાને ગર્ભવતી બનાવ્યાનો ખોટો આરોપ લગાવે છે, સાથે સાયરા તેથી દુખી થાય છે, અને શ્યામથી દૂર થઈ રણજીત સાથે લગ્ન કરવા તૈયાર થાય છે, પણ શ્યામ અંતે સત્ય બહાર લાવે છે, અને બન્ને ભાઈઓ છે તે રણજીતની માતા કહે છે, અને પરિવાર એક થાય છે.

દર્શકો એ આ ફિલ્મને વધુ મહત્વ આપ્યું, દોસ્તી અને હકીકત જેવી હદય સ્પર્શી ફિલ્મો આ ફિલ્મની કમાણીથી ઓછી કમાઈ કરી રહી, દર્શકોને માત્રને માત્ર મનોરંજન જ જોઈએ છે તે વાત સાબિત થઈ. ફિલ્મના ગીતો અને શંકર જયકિશનના સંગીતનો મુખ્ય ફાળો ફિલ્મને સફળ કરવામાં રહ્યો, ફિલ્મનું શૂટિંગ કશ્મીરમાં થયું હતું.




ફિલ્મના ગીતો આજે પણ લોકપ્રિય ગીતોની યાદીમાં આવે છે.

ઝીંદગી – રામાનંદ સાગરના નિર્માણ અને નિર્દેશનમાં, હસરત જઈપૂરી અને શૈલેન્દ્રના લખેલ ગીત અને શંકર જયકિશનના મધુર સંગીત સાથે, આ ફિલ્મમાં પૃથ્વી રાજ કપૂર, રાજેન્દ્ર કુમાર, રાજ કુમાર, વૈજયંતી માલા, મહેમુદ, હેલેન, કન્હૈયા લાલ, ધુમાલ, હીરા લાલ, જયંત, મુમતાઝ બેગમ, લીલા ચિટનીસ નિરૂપા રોય, અને જીવને અભિનય આપ્યો હતો. ફિલ્મનું બજેટ ૫૦ લાખ અને નફો ૧ કરોડનો થયો, ફિલ્મ વર્ષની આઠમા નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ. ફિલ્મની કહાની એવી છે કે, રાજેન્દ્ર એક અમીર બાપ પૃથ્વીનો પુત્ર છે, વૈજયંતી તેની માતા લીલા સાથે ગરીબીમાં જીવન પસાર કરે છે, તે આજીવિકા માટે એક નાટક કંપનીમાં જોડાય છે, તે નાટક કંપનીના માલિક હીરા લાલની નજર વૈજયંતી પર છે, પણ નિર્દેશક રાજ કુમારના હોવાથી તે તેને પરેશાન કરી શકે તેમ નથી. એક દિવસ તે જીવન દ્વારા તેનું અપહરણ કરે છે, પણ રાજેન્દ્ર વૈજયંતીને બચાવે છે, સાથે બન્ને પ્રેમ કરવા લાગે છે, રાજ કુમાર પણ મનોમન વૈજયંતીને ચાહે છે, પણ રાજેન્દ્ર સાથેના પ્રેમનો ખ્યાલ આવતા તે તેની લાગણીઓને વાચા આપતો નથી. પૃથ્વી રાજેન્દ્રના લગ્ન એક નાટક વાળી ગરીબ યુવતી સાથે કરવા તૈયાર નથી, પણ પુત્ર પ્રેમના લીધે બન્નેના લગ્ન કરે છે, એક દિવસ શહેરમાં તોફાન થઈ જાય છે, વૈજયંતી બહાર છે, અને હીરાલાલના કહેવાથી જીવન ફરી તેનું અપહરણ કરવા આવે છે, પણ વૈજયંતી રાજ કુમારના ઘરમાં આશરો લે છે, જીવન અને હીરા લાલ વચ્ચે મન દુખ થાય છે, અને જીવન હીરા લાલની હત્યા કરી દે છે. તે પહેલા રાજ કુમાર અને હીરાલાલ વચ્ચે બોલાચાલી થયેલ તે બાબતને ધ્યાનમાં રાખી જીવન હીરા લાલની હત્યાનો આરોપ રાજ કુમાર પર લગાવી દે છે, શહેરમાં તોફાન હોય છે, અને કરફ્યુના લીધે વૈજયંતીને એક રાત્રિ રાજ કુમારના ઘરમાં આશરો લેવો પડે છે. પણ જયારે તેને રાજ કુમાર પર ખોટો આરોપ છે તે ખબર પડે છે તો પોતાના પરિવાર અને આબરૂના વિચાર ના કરી માનવતાની દ્રષ્ટિએ રાજ કુમાર સાથે તે રાત્રે તેની સાથે હતી તેમ જાહેરમાં કોર્ટમાં કહે છે, રાજ કુમાર નિર્દોષ જાહેર થાય છે, પણ વૈજયંતી માટે રાજેન્દ્રના ઘરના દરવાજા બંધ થઈ જાય છે, તે ગર્ભાવસ્થામાં જયંતને ત્યાં આશરો લે છે, જયંત એ પૃથ્વીનો મિત્ર છે, રાજ કુમાર જીવન પાસે સત્ય બહાર લાવે છે, અને જયંતને વૈજયંતીની સચ્ચાઈની જાણ થતાં જ તે રાજેન્દ્રના બીજા લગ્ન થાય તે પેહલા જ વૈજયંતીને લઈ ત્યાં પહોચી જાય છે, રાજ કુમાર જીવના જોખમે જીવન પાસે સત્ય બોલાવે છે, અને અંતે રાજેન્દ્ર અને વૈજયંતી એક થાય છે. ફિલ્મ બ્લેક એન્ડ વ્હાઈટ હતી, છતા રાજેન્દ્ર અને વૈજયંતી માલાના લાજવાબ અભિનયના લીધે સફળ રહી. રામાનંદ સાગરના નિર્માણ અને નિર્દેશન હેઠળની આ પેહલી ફિલ્મ હતી, રામાનંદ ૧૯૫૩થી હિન્દી સિનેમામાં લેખક અને નિર્દેશક રૂપે કામ કરી રહ્યા છે, પણ આ ફિલ્મ તેમના નિર્દેશન અને નિર્માણમાં રહી મ મહમુદે અહી હેલેન સાથે જોડી જમાવી છે, અને ફિલ્મમાં મહત્વનું પાત્ર અને ગીત પણ લીધું છે. આગામી અંકમાં શમ્મી કપૂરની સંગીતમય રોમાંટીક ફિલ્મ સાથે મળીશું. આભાર.

## * પ્રસન્ન આત્મા ઈન્દ્રીય મન સ્વસ્થ ઈત્ભીધીયતે ॥ *

**ગત વર્ષ લખેલો લેખ ફરીથી મૂકું છું,**

ગત તા.૨૮/૮/૨૪ના રોજ એક અવિસ્મરણીય ફંક્શનનો ભાગ બનવાનું મારા પરમ મિત્ર, માર્ગદર્શક અને સદાય પ્રસન્ન રહેતા એવા એવરગ્રીન ડો. ભરત કાનાબારને કારણે બન્યું હતું , ફંકશન હતું, રાજયસભાના સાંસદ અને સફળ ઉધોગપતી અને મારા ગામ લાઠી તાલુકાનાં દૂધાળાના વતની એવા ગોવિંદભાઈ ધોળકીયા (ગોવિંદ કાકા)ના જીવનયાત્રાના સંસ્મરણો એવી તેમની આત્મકથા 'Diamonds Are Forever So Are Morals'ના ગુજરાતી સંસ્કરણને આવકારવાનો.

હું ગોવિંદ કાકાને રૂબરૂ પહેલી જ વાર મળ્યો હતો અને આખાય ફંક્શનમાં મને જે વાત ખુબ જ સ્પર્શી ગઈ અને મને રીચાર્જ કરી ગઈ એ હતી ગોવિંદકાકાની પોઝીટીવ ઉર્જા અને પ્રસન્નતા. આખાય ફંક્શનની ચર્ચા નહી કરૂ પણ એક વાત જે ગોવિંદકાકાએ કહી તે કહું એટ્લે તમને ગોવિંદ કાકાનો પરીચય થઈ જશે. ગોવિંદકાકાએ કહ્યું કે અત્યારે જે યુગ ચાલે છે (સમય છે) તેવો યુગ રામ-રાજયના વખતમાં પણ નહોતો એટલો સારો સમય છે, પણ આપણને સતત નકારાત્મક સમાચારો સાંભળવાની અને કોઈ પણ બાબતને નકારાત્મક લેવાની ટેવ પડી ગઈ છે.

વાત સાવ સાચી છે આજે તા.૩૦/૮/૨૪ સુધીમાં સમગ્ર ગુજરાતમાં ૧૧૫ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે અને હજુ તો વરસાદની સીઝન એક મહીનો બાકી છે, આપણે એ યુગ પણ જોયો છે જયારે બહેનો આખો દીવસ માત્ર બહારથી પાણી ભરવાનું જ કામ કરતાં હતા અને આજે સરકારના પ્રયત્નોથી નર્મદાને કારણે હું જયાં નોકરી કરૂ છે એવા નાનકડા એવા ખડકાળા ગામમાં પણ રોજ ત્રણ કલાક નર્મદાનું પાણી આવે છે, ઘરે ઘરે ગાડીને એ.સી. છે લોકોનું જીવન ધોરણ ખુબજ સુધરી ગયું છે અને જોવે એટલી ભૌતીક સુખ –સમૃધ્ધી છે, આ બધુ જ હોવા છતાં આપણે હોવા જોઈએ એટલા પ્રસન્ન રહીએ છીએ ખરા ?

આપણને કારણ વગર દૂ:ખી થવાની ટેવ પડી ગઈ છે અને એમાથી બહાર નીકળવાની જરૂર છે અને તે માટે પોતાની જાત સાથે નિરાંતે બેસવાની જરૂર છે, આપણને જે જોઈતું હતું તે બધુ જ મળી ગયું છે છતાં પણ આપણે હોવા જોઈએ એટલા પ્રસન્ન નથી, કારણ આપણી પ્રસન્નતા આપણે બીજા ઉપર આધારીત કરી છે.

શ્રાવણ માસનો કાલે છેલ્લો દિવસ છે, આવતીકાલથી આપણે ગણપતી દાદાના આગમનની તૈયારી





શરૂ કરીશું, ગણપતી એ વિઘ્નહર્તા અને રીધ્ધી-સીધ્ધીના સ્વામી છે ગણેશજીના આગમનથી જ આપણું મન શાંતી અને પ્રસન્નતાનો અનુભવ કરવા માંડે છે.

છેલ્લા એક દાયકામાં ભારતે વિકાસની હરણફાળ ભરી છે વિના વિકાસશીલ દેશોને આપણે પાછળ રાખી દીધા છે, ચાંદ સુધી આપણે પહોચીને વિની ત્રીજા નંબરની આર્થીક મહાસતા બનવાના દ્વારે આપણે ઊભા છે.

૧૯૪૭માં આપણે આઝાદ થયા ત્યારે આપણે ખૂબ ગરીબ અને પછાત હતા જહાં ડાલ ડાલ પર સોને કી ચીડીયા કરતી હે બસેરા એ ભારત દેશ હે મેરા આવા ભારતને વિદેશીઓ લૂટીને સાવ ગરીબ અને પછાત દેશ બનાવી દીધો હતો અને આઝાદીના ૭૫ વર્ષ પછી આપણે પાછા એ સોને કી ચીડીયા વાળા ભારત બનવાના સ્વપ્ન સેવવા માંડયા છે જે વિનું પ્રતીનીધીત્વ કરે.

આપણે આઝાદ થયા ત્યારે આપણી મૂળ જરૂરીયાત રોટી કપડાં ઓર મકાન હતી જે પ્રગતીશીલ ભારતમાં હવે પૂરી થવા આવી છે, હવે આપણી જરૂરીયાત વિકાશ શીલ દેશો જેવી છે અને એ બાજુના પ્રયત્નો પણ ચાલુ કરી દીધા છે પણ આપણાં માટે ચિંતાનો વિષય એ છે કે બધા જ સુખ સગવડ મળતા હોવા છ્તા આપણે ખુશ નથી !

હાલમાં જ હેપ્પી દેશોનો ઈન્ડેક્સ જાહેર કર્યો એમાં આપણે સાવ છેવાડે ઊભા છીએ, આ યાદીમાં જે દેશો સૌથી વધુ હેપ્પી (ખુશ) છે તેમાં ફીનલેંડ, નેધરલેન્ડ, સ્વીઝરલેંડ જેવા દેશો છે આટલી બધી પ્રગતી પછી પણ આપણે હોવા જોઈએ એટલા ખુશ નથી ! શું કારણ છે ? આ આપણાં




માટે ચિંતાનો વિષય છે કારણ જો આપણે હેપ્પી નહી રહી શકીએ તો તેવી પ્રગતી શું કામની ?

આ ચર્ચા એટલા માટે આજે કરીએ છીએ કે આજનો યુવાન માનસીક રોગોનો ખૂબ મોટો શીકાર બનતો જાય છે આજનો આપણો યુવાન એ આવતીકાલના ભારતનું ભવિષ્ય છે અને આયુર્વેદ મુજબ પ્રસન્ન આત્મા ઈંદ્રીય મન સ્વસ્થ ઈત્ભીધીયતે ॥ અર્થાત જે વ્યકિતના આત્મા, મન ઈન્દ્રીયો પ્રસન્ન છે તે વ્યકિત જ સ્વસ્થ છે.

માનસીક અશાંતી –તાણ, ભાગ-દોડ વગેરે આજે શહેરી સ્પર્ધાત્મક સમાજમાં વધતાં જાય છે, જેને પરિણામે દર વર્ષે, વિના દર પાંચમાથી એક માનસીક તકલીફોમાં સપડાય છે. વિમાં રોગોનું ભારણ નામના વિ આરોગ્ય સંસ્થાના દસ્તાવેજ મુજબ, જે રોગોને કારણે માણસની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા ઘટી જઈને અનેક માનવ કલાક વેડફાઈ છે એવા રોગોની યાદીમાં માનસિક રોગો અને વ્યસનોનું નામ પ્રથમ પાચ રોગ પૈકી જ હોય છે.

**મર્મ સ્થાન :** ગોવિંદ કાકા થી આ લેખ ની શરૂઆત કરી હતી અને તેમને આ લેખ સમર્પીત છે ઉપરોક ફોટો એટ્લે મૂક્યો છે કે જે લોકો ગોવિંદકાકાને મળ્યા નથી તેને તેની પ્રસન્નતાનો અનુભવ થાય, એટલે જે વાત તેમને મળ્યા પછી મને ધ્યાનમાં આવી એ છે કે ગોવિંદકાકાએ પોતાનાથી ખૂબ ખુશ છે અને તેનું કારણ કે એમને કોઈના ય પ્રત્યે કોઈ ફરીયાદ કે અપેક્ષા નથી જયારે તમે સ્વ:માં ખુશ રહેવા માંડો ત્યારે સમજવાનું કે તમને જીવતા આવડી ગયું છે અને આવા વ્યકિતને દુનીયાના તમામ સુખ-સમૃધ્ધી અને સફળતા મળે જ કારણ તમે કુદરતનું (ઈર) સૌથી મોટું કામ કરો છો અને તે છે પ્રસન્નતા, ઈરે આપણને પ્રસન્ન રહેવા જ આ ધરતી પર મોકલ્યા છે પણ આપણે કારણ વગરના દૂ:ખી થઈ ઈરનો ભાર વધારીએ છીએ, મિત્રો ગોવિંદકાકાની જેમ પ્રસન્ન રહેવા માંડો, ઈરે તેમને જેટલું આપ્યું છે તેનાથી પણ વધારે આપશે કારણ ઈર ખૂબ દયાળુ છે અને તેને જરૂર છે એવા માણસોની કે જે તેનું કામ ઘટાડે અને આ ધરતીને પ્રસન્નતા અને શાંતી આપે...

આજકાલ, ચિંતા (એન્ક્ઝાયટી) અને હતાશા (ડીપ્રેશન) આ બે માનસિક બીમારી સૌથી વધુ વ્યાપક છે. માનસિક બીમારીને કારણે માત્ર માણસની કાર્યક્ષમતા જ નહી, પરંતુ આવરદા પણ ઘટે છે. ડિપ્રેશનની બીમારીનું ગંભીર કોમ્પ્લીકેશન એટલે આપઘાત. યુવાન વયે અકાળ મોત નિપજાવવામાં ડિપ્રેશનની બીમારી ખૂબ જ મોટો ફાળો આપે છે. માનસિક બીમારી થાય એ પહેલા અને કદી માનસિક બીમારી થવાની શક્યતા ન હોય એવા ઘણા લોકોને પણ માનસિક અશાંતીનો અનુભવ વારંવાર થયા કરે છે. માનસિક અશાંતીનું કારણ ભાગ-દોડ, તાણ, ગુસ્સો, એકલતા, ઈર્ષ્યા વગેરે હોય શકે છે. માનસિક બીમારી કરતાં અનેક ગણા વધુ લોકોને સતાવતી આવી મનની આ અશાંતિને પણ ઊંડાણપૂર્વક સમજવાની અને એમાંથી બહાર આવવાની જરૂરીયાત છે. **(ક્રમશઃ)**

## *જોયસ્પાન*




કંચનબહેનને બજારમા ખરીદી કરવા જવાનો ખૂબ જ તે શોખ હતો. કંચનબેન ઘરની તમામ ખરીદી પોતે જાતે જ કરતા. તેઓને બજારમાં જઈને જ ખરીદી કરવી ખૂબ જ ગમતી. નાનપણથી તેઓ બજારમાં શોપિંગ કરવા જતા. સમયાંતરે ઉંમર થતાં, તમને ગાડી ચાલવાનું બંધ કરી દીધું.ખરીદી કરવા બજારમાં જવાનું તેમના માટે શકય ન બનતું. કયારે તેઓએ ઓનલાઈન શોપિંગ એપનો ઉપયોગ કરીને, ખરીદી કરતા શીખી લીધું. અને તેનાથી તેમને બજારમાં જઈને શોપિંગ કરવા જેટલી જ ખુશી મળતી હતી.ઉંમરની સાથે જીવનમા આવતા શારીરિક અને માનસિક પરિવર્તનો અને સ્વીકારવા અને તે મુજબ પોતાને જાળવું તે ખૂબ જ મહત્વનું છે.

નીલાબહેનને વાંચવાનો ખૂબ જ શોખ હતો. તેઓ ન્યુઝપેપર, મેગેઝીન, અને પુસ્તકો ખૂબ જ વાંચતા.બાળપણનો શોખ,યુવાની સુધી વિકસી અને વૃદ્ધાવસ્થા સુધી વિસ્તર્યો,પરંતુ વૃદ્ધાવસ્થામાં મોતિયો, અને વેલની બીમારી આવતા તેઓની દ્રષ્ટિમાં ખોટખાપણ સર્જાય અને પરિણામે તેમનો વાંચન બંધ થઈ ગયું. નીલા બહેને પોતાની દ્રષ્ટિની ખોટને પોતાના વાંચનના શોખ ઉપર હાવી ન થવા દેતા, તેઓએ ઓડિયો બુક અને ઓડિયો મેગેઝીનનો ઉપયોગ કરીને પોતાના વાંચનના શોખને અવિરત આગળ ધપાવ્યો. અને મૃત્યુપર્યટક આ ઓડિયો બુકનો ઉપયોગ કરીને પોતાની વાંચન યાત્રાને એકલિંગ રાખી.


આવું જ છે કાંઈક લીનાબહેન સાથે હતું. લીના બહેનને દોડવાનો ખૂબ શોખ હતો. તેઓ ઓલમ્પિક સુધી પોહચેલા. પરંતુ સમય સાથે ઉંમર થવા તેઓને ગોઠણમા ઘસારો આવ્યો. અને ઘૂંટણનું ઓપરેશન કરવાયું. તમને રનિંગ છોડીને દીધું. તેમણે સ્વિમિંગ શરૂ કરી દીધું. અને તેમાં પણ ગોલ્ડન મેડલ મેળવ્યો. ઉંમર અને સમય સાથે પરિવર્તન સ્વીકારવું અને તે મુજબ પોતાની જાતને જાળવાનો પ્રયત્ન કરવો તે ખૂબ મહત્વપૂર્ણ છે. અમુક ઉંમરમાં શું શું સુધારો થઈ શકે કે આ શું ફેરફાર લાવી શકાય તેના વિશે વિચારવું એ ખૂબ જ મહત્વનું છે. ઉંમરની સાથે આવતા પડકારો દુઃખી કરે તો કંઈક નવું અજમાવતા રહો, સંબંધ સાથે સમય વિતાવો, સંજોગો મુજબ પોતાની જાતને ઢાળવાનો પ્રયત્ન કરવો, અને મિસકેલીઓમાં પણ ખુશ રહેવાનો પ્રયત્ન કરવો તે જ છે જોયસ્પાન.

જોયસ્પાન શું છે ? આપણાને આવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. જોય સ્પાન શબ્દ સૌપ્રથમ ગેરોન્ટોલોજી નિષ્ણાંત ડોકટર કેરીએ પ્રયોજેલો. વ્યક્તિના જીવનમાં લાઈફસ્પાન અને હેલ્થસ્પાન જેટલું જ મહત્વપૂર્ણ છે આ જોયસ્પાન. જોયસ્પાન ડોકટર કેરી દ્વારા બનાવવામાં હતો. આમાં વ્યક્તિ શારીરિક માનસિક રીતે સ્વસ્થ, જીવન સાથે જોડાયેલો, ઉત્સાહિત પ્રેરિત અને સંતોષી ભરપૂર અનુભવે છે. વધતી ઉંમરમાં આવતી મુશ્કેલીઓ વચ્ચે પણ તે અંદરથી ખુશ અને કાયમી ખુશ રહે તે માટે લેવા આવતા સુધારાઓ ખૂબ મહત્વપૂર્ણ હોય છે.

ફક્ત લાંબુ જીવવું પૂરતું નથી એ પણ મહત્વપૂર્ણ છે કે તમે તમારા જીવનને પણ પસંદ કરો. કેલિફોર્નિયા યુનિવર્સિટીના ગેરેન્ટોલોજી નિષ્ણાંત ડોકટર કેરી બરનાઈટ કહે છે, હજારો દર્દીઓની સારવાર કરતી વખતે મેં જોયું છે કે, કેટલાક લોકો ઉંમર સાથે આવતા પડકારો સામે હારી જાય છે. કંટાળી જાય છે. અને જીવન ટૂંકાવી દેવા જેવા નાના વિચારો પણ કરી બેસે છે. પરંતુ જયારે કેટલાક લોકો વધતી ઉંમર સાથે પણ કેટલાક નવા રસ્તાઓ, શોધીને ફરીથી જીવનને પાટા પર લાવવાનો પ્રયત્ન કરે છે. અને આ શોધેલા રસ્તા અપનાવીને ખુશ રહેવાની કળાને જ તો જોય સ્પાન કહેવાય છે.

જીવનમાં જોયસ્પાનને વધારવા માટેની પણ કેટલીક રીતો પણ છે. વધતી ઉંમરે વ્યક્તિને કોઈપણ પ્રક્રિયા કે ક્રિયાઓમાં રસ કે જિજ્ઞાસા નથી રહેતી. વ્યક્તિ નિરાશ બની જાય છે. વધતી ઉંમરે વસ્તુઓની ક્રિયાઓ પ્રત્યેની જિજ્ઞાસા અતૂટ હોવી પણ ખૂબ જરૂરી છે. નવી વસ્તુઓ વિશે શીખવાની ઈચ્છા અને જીજ્ઞાશા દરેક ઉંમરે માનસિક સ્વાસ્થ્ય અને યાદશક્તિને શ્રેષ્ઠ રાખે છે. જિજ્ઞાસાવૃત્તિ વધતી ઉંમરમાં તે વધુ ફાયદાકારક બને છે. વધતી ઉંમરે વ્યક્તિ પોતાની રૂચિ કે શોખની યાદીઓ બનાવી જોઈએ. પછી ભલે તે ડ્રમ વગાડવું હોય, કોઈ રિસર્ચ કરવાનું હોય,ગીત ગાવાનું હોય પુસ્તકો વાંચવાનું હોય, સાયકલિંગ હોય, ડ્રાઈવિંગ હોય કે પછી નવી રમતો શીખવાનું હોય. આ લિસ્ટમાંથી કોઈ એક વસ્તુ પસંદ કરો અને તેના ઉપર પોતાની જાતને અજમાવો. અને આ ક્રિયાઓમાંથી મળતા આનંદને જોયસ્પાન કહેવામાં આવે છે.વધતી ઉંમર સાથે નવા વિકલ્પો શોધો અને તેને પોતાના જીવનમાં અપનાવવાનો પ્રયત્ન કરો. ધારો કે તમને બજારમાં જઈને કપડાં ખરીદી કરવાનો ખૂબ જ શોખ હોય, પરંતુ વધતી ઉંમર સાથે તમે ગાડી ચલાવવાનું બંધ કરી દો કે બજારમા જવાનું બંધ કરી દો, તો તેના ઓપ્શનમાં ઓનલાઈન શોપિંગ એપ શીખો અને તેમાંથી ખરીદી કરીને આનંદ મેળવો. વધતી ઉંમર સાથે તમે બીજાના મંતવ્યની ઓછી કાળજી લો, અને સમસ્યાઓને વધુનો ઓપ્શન શોધવાનો પ્રયત્ન કરો. અને તે મળેલા ઓપ્શનને જીવનમાં એપ્લાય કરીને આનંદ મેળવવાનો પ્રયત્ન કરો.ઉંમરની સાથે જીવનમાં આવતા પડકારો સામે દુઃખી થવાને બદલે ચેન્જ થવાનો પ્રયત્ન કરો. અને આનંદ મેળવો. ઉંમરની સાથે પડકારો દુઃખી કરે તો, મદદની ભાવના રાખો. મદદની આ ભાવના નાની નાની બાબતની શરૂ થઈ શકે છે. સમય, ધ્યાન, ધીરજ, અનુભવ અથવા દયા. તમે એવા મિત્રને મદદ કરી શકો છો જે પરિવર્તન સાથે સંઘર્ષ કરી રહો હોય.

# વડીલોની પરંપરાગત પદ્ધતિ ફરી જીવંત, રાત્રિના છંટકાવથી મગફળીના પાકમાં ઈયળનો ઉપદ્રવ ઘટવા લાગ્યો







અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી મગફળીના પાકમાં લશ્કરી ઈયળ તેમજ લીલી ઈયળનો ઉપદ્રવ ઝડપથી વપ્રયો છે. ખેડૂતો પોતાના પાકને બચાવવા માટે દિવસ દરમિયાનદવાનોછટકાવકરીરહ્યાછે, પરંતુ ઘણી વખત દિવસ દરમિયાન દવાનો છટકાવ એટલો અસરકારક સાબિતથતોનથી. આવીપરિસ્થિતિમાં હવેખેડૂતોજૂનીપદ્ધતિતરફવળીરહ્યા છે. વર્ષો પહેલા ખેડૂતો અને વડીલો પોતાનાઅનુભવપરથીરાત્રિનાસમયે દવાનોછટકાવકરતાહતા, કારણકેતે સમયે ઈયળો વધુ પ્રમાણમાં મગફળીના પર્ણઉપરઆવીજાયછેઅનેતેમનેસરળતાથી નિયંત્રિત કરી શકાય છે. આજના સમયમાં આધુનિક સાધનો હોવા છતાં ખેડૂતો ફરી એકવાર આ પરંપરાગત પદ્ધતિ અપનાવી રહ્યા છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના છાપરી ગામના ખેડૂત નીતિનભાઈ ચૌહાણ તેઓએ જણાવ્યું કે તેમણે ૧૫ વીઘામાં મગફળીનુંવાવેતર કર્યુંછે. પાકસારોઉભો થયો છે પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી લશ્કરી ઈયળનો ભારે ઉપદ્રવ જોવા મળીરહ્યોછે. તેઓએજણાવ્યુંકેદિવસ દરમિયાનબેવખતદવાનોછટકાવકર્યો હતો, છતાંય ઈયળના ઉપદ્રવમાં ઘટાડો થયોનથી. તે સમયે તેમને પોતાના વડીલ પાસેથી સાંભળેલુંઅનેપોતાનાદાદાના અનુભવોયાદઆવ્યા. તેમનાદાદાકહેતા કે જો રાત્રિના સમયે દવાનો છટકાવ કરવામાં આવે તો ઈયળ ઉપર ઝડપી અસરથાયછે. કારણકેદિવસદરમિયાન તડકામાં ઈયળ જમીન કે થડના નીચેના ભાગમાં છુપાઈ જાય છે. પરંતુ રાત્રિના સમયે વાતાવરણ ઠંડુ થતાં ઈયળ પર્ણ ઉપર આવીને ખાવા માંડે છે. આવી પરિસ્થિતિમાં દવાનો છટકાવ કરવામાં આવે તો તેનો સીધો અસર ઈયળ ઉપર થાય છેઅને ઉપદ્રવ ઘટાડવામાં સહાય મળે છે. આ કારણસર તેમણે પોતાના ખેતરમાં રાત્રિના સમયે દવાનો છટકાવ શરૂ કર્યો છે. તે જ રીતે છાપરી ગામના બીજા ખેડૂત સંજયભાઈ ગોંડલીયાએ પણ પોતાનો અનુભવ શેર કર્યો હતો. સંજયભાઈએજણાવ્યુંકેતેમની પાસે કુલ ૨૦વીઘાજમીનછેજેમાંથી ૧૫વીઘામાં મગફળીનો પાક ઉભો છે. છેલ્લા કેટલાક દિવસથી મગફળીમાં લશ્કરી ઈયળનો ઉપદ્રવ વધી ગયો છે. તેમણે દિવસ દરમિયાનબેવખતદવાનોછટકાવકર્યો હતોપરંતુતેનીઅસરદેખાઈનથી. વડીલો પાસેથી સાંભળેલું હતું કે રાત્રે દવાનો છટકાવ કરવામાં આવે તો ઈયળને વધુ અસરથાયછે. કારણકેદિવસદરમિયાન ઈયળથડઅનેજમીનનીનીચેછુપાઈજાય છેજયારેરાત્રેપર્ણઉપરખાવામાટેઆવે છે. આ સમયે દવાનો છટકાવ કરવાથી સીધોસંપર્કઈયળસાથેથવાથીતેઝડપથી નાશ પામે છે. એ કારણે તેઓએ પણ રાત્રિનાસમયેદવાનોછટકાવશરૂ કર્યોછે. ખેડૂતોકહેછેકેરાત્રિનાસમયેછટકાવકરતાં દવાનોખર્ચઓછોથાયછેઅનેઅસરકારક પરિણામમળેછે. દિવસદરમિયાનદવાનો છટકાવકરતાંએકતોતાપમાનનાકારણે દવાની અસર ઘટી જાય છે, બીજું ઈયળ જમીનમાં છુપાઈ જાય છે. જયારે રાત્રે ઠંડકમાં ઈયળ પાકના ઉપરના ભાગમાં આવીને ખાવા માંડે છે, તે સમયે દવાનો છટકાવ કરવાથી યોગ્ય પરિણામ મળે છે. આ પદ્ધતિ ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની રહી છે. ઘણા ખેડૂતો પોતાની વાડીઓમાંઆજરીતઅજમાવીરહ્યાછે. છેલ્લાકેટલાયવર્ષોથીવૈજ્ઞાનિકોઅનેકૃષિ વિભાગના અધિકારીઓએ પણખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપ્યું છે કે પાકમાં જીવાતનો ઉપદ્રવ કઈ રીતે નિયંત્રિત કરી શકાય. તેમ છતાં, વડીલોની પરંપરાગત રીતોઘણીવખતવધુઅસરકારકસાબિત થાય છે. અમરેલી જિલ્લાના ખેડૂતો હવે રાત્રિનાસમયેટ્રેક્ટરપંપ, મોટરપંપઅને સ્પ્રેપંપનીમદદથીદવાનોછટકાવકરેછે. આરીતમાંઓછાસમયમાંવધારેવિસ્તાર આવરી લેવાઈ જાય છે અને ઉપદ્રવ પર કાબુમેળવવામાંસહાયમળેછે. ઘણાખેડૂતો કહેછેકેઆરીતેતેઓનેપાકનીઉપજસારી રીતે બચાવી શકાય છે. મગફળી ગુજરાતનો મહત્વપૂર્ણ પાક છે અને ખાસ કરીને અમરેલી જિલ્લામાં તેનો વાવેતર મોટા પ્રમાણમાં થાય છે. પાકમાં લશ્કરી ઈયળ અને લીલી ઈયળનો ઉપદ્રવ ખેડૂતો માટે ચિંતાનો વિષય છે. આ પરંપરાગત પદ્ધતિને આધુનિક સાધનો સાથે અપનાવીને ખેડૂતો પોતાનો પાક બચાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. અંતે કહી શકાય કે જૂની પદ્ધતિ અને આધુનિક સાધનોનું સંયોજન ખેડૂતોને પાક બચાવવામાં મદદરૂપ બની રહ્યું છે. વડીલોનો અનુભવ અને ખેડૂતનો પરિશ્રમ મગફળીના પાક માટે રાત્રિના સમયે દવાનો છટકાવ એક અસરકારક ઉપાય સાબિત થઈ રહ્યો છે.

### ભાદરવી અમાસનાં દિવસે પિતૃના મોક્ષાર્થે પીપળે પાણી રેડવાનું છે ખાસ મહત્વ

## અમરેલીના ત્રિવેણી સંગમ સમા કામનાથ મહાદેવ મંદિરે ભાવિકોની જામી ભીડ

### શહેરીજનો ચાલુ વરસાદે દાન પુણ્ય કરી પુણ્યનું ભાથું બાંધવા માટે ઉમટી પડયા

અમરેલી, તા. ૨૩

આજે શ્રાવણ માસની પૂર્ણાહુતિ એટલે ભાદરવી અમાસનો દિવસ છે. અને તેમાં પણ આજે શનિવારના દિવસે ભાદરવી અમાસ આવતાં આ શનિ અમાસના દિવસનું મહત્વ અનેક ગણું વધી જાય છે.

ત્યારે અમરેલી શહેરની મધ્યમાં આવેલું અતિ પૌરાણીક ત્રિવેણી સંગમ સમા ભગવાન કામનાથ મહાદેવનું મંદિર ૨૦૦ વર્ષ પુરાણું મંદિર છે. જયાં અમરેલી શહેર તેમજ આજુબાજુના ગામના લોકો ભાદરવી અમાસના દિવસે પિતૃઓના મોક્ષાર્થે પીપળાને પાણી રેડવા (પિવરાવવા) માટે વ્હેલી સવારથી જ આવી જાય છે. અને લોકો ધાર્મિક વિધિ કરી અને પીપળે બોરડી તેમજ પાળિયામાં અલગ અલગ જગ્યાએ પોતાની આસ્થા મુજબ પાણી રેડી અને પિતૃઓને મોક્ષાર્થે દાન પુણ્ય પણ કરે છે.




અમરેલીના આ અતિ પૌરાણીક ભગવાન કામનાથ મહાદેવ મંદિરની સામે જ સ્મશાન આવેલ છે. અને આ સ્મશાન અને મંદિરની વચ્ચે ખળખળ વહેતી નદીના કારણે આ સ્થાન ધાર્મિક દ્રષ્ટિએ ખુબ જ ઉતમ ગણી શકાય છે. આ સ્થાન ઉપર માત્ર આજે ભાદરવી અમાસ જ નહીં પરંતુ કાયમી પિત્રુઓના મોક્ષાર્થે તમામ ધાર્મિક વિધિ પણ આ પવિત્ર સ્થળ ઉપર જ કરવામાં આવે છે.

અગાઉથી ચાલી આવતી ધાર્મિક માન્યતા મુજબ શ્રાવણ માસની અમાસ એટલે ભાદરવી અમાસનાં દિવસે પિતૃઓની શાંતિ માટે હિન્દુ ધર્મમાં શ્રાદ્ધ કર્મ કરવામાં આવે છે. આમ પણ કહેવાય છે કે, માણસના જન્મ પછી જ વ્યકિ પોતે પાંચ પ્રકારના ઋણથી સજ્જ થઈ જાય છે. આપણી સંસ્કૃતિમાં ઋષિ મુનિઓએ પણ વિવિધ સંસ્કારો વિધિ વિધાનથી આપવાની શિક્ષા આપી છે. આ તમામ સંસ્કારો જન્મથી અંતિમ સંસ્કાર સુધી કરવામાં આવે છે. જે વ્યક્તિ આ દેવાની ચુકવણી ન કરે તેને ઘણાં દુઃખો અને સંતાપનો સામનો કરવો છે.

માતૃ ઋણ, પિતૃ ઋણ, મનુષ્ય ઋણ, દેવ ઋણ અને ઋષિ ઋણ. આ ઋણમાંથી છૂટકારો મેળવવા માટે શ્રાદ્ધ કર્મ, તર્પણ વિધી અને પિંડદાન કરવું પડે છે. તો પિતૃઓને ભાદરવી અમાસના દિવસે પાણી અપર્ણ કરવાનું અનેરૂ મહત્વ છે. અમાસને પિતૃ વિસર્જનના નામથી ઓળખવામાં આવે છે. હિન્દુ પંચાંગ અનુસાર અશ્વિન માસની અમાસપિતૃ અમાસ કહેવાય છે.

અમાસના રોજ પોતાના પિતૃના નામનું પાણી પીપળે રેડવું જોઈએ. સર્વ પિતૃ અમાસના દિવસે યાદ કરીને પીપળે પાણી અપર્ણ કરવું જોઈએ. તેનાથી પિતૃઓ સંપૂર્ણ રીતે સંતુષ્ટ થાય છે. વાયુ સ્વરૂપમાં ધરતી ઉપર આવેલાં પિતૃઓને આ દિવસે વિદાય આપવામાં આવે છે. અને પિતૃ પોતાના લોક પાછા ફરે છે. હિન્દુ ધર્મની માન્યતા અનુસાર પીપળાના મૂળ, મધ્યભાગ તથા આગળ ના ભાગમાં ક્રમશઃ બ્રહ્મદેવ, ભગવાન વિષ્ણુ, અને મહેશનો વાસ છે.

અમરેલીના આ અતિ પૌરાણીક ભગવાન કામનાથ મહાદેવ મંદિર સમગ્ર હિન્દુ સમાજમાં આસ્થાનું પ્રતિક છે. અહીં લોકો દરરોજ સવાર સાંજ ભગવાનને માથું નમાવવા માટે આવતાં હોય છે. આ ભગવાન કામનાથ મંદિરની સામે જ એક વિશાલ કદની ભગવાન ભોળાનાથની મૂર્તિ સ્થાપિત કરવામાં આવેલ છે. સાથો સાથ કામનાથ સરોવરના કારણે લોકો કાયમ મોટી સંખ્યામાં અહીં પધારે છે.

### પાના ૧ ઉપરનું ચાલું હીરા બજારનાં વેપારીઓ સાથે મુલાકાત કરી

બજારમાં ચાલી રહેલા વેપાર, રોજગારની તકો તથા હાલના સમયની પડકારજનક પરિસ્થિતિઓ અંગે ધારાસભ્યને માહિતગાર કર્યા.

નાયબ દંડકે જણાવ્યું કે અમરેલી જિલ્લો હીરા કટીંગ અને પોલિશિંગ ક્ષેત્રે દેશ–વિદેશમાં પોતાનું અનોખુંસ્થાનધરાવેછે. હજારો પરિવારો આઉદ્યોગસાથે જોડાયેલાછેઅનેતેમની રોજીરોટી આ વ્યવસાય પર આધારિત છે. હીરાઉદ્યોગનેપ્રોત્સાહનઆપવામાટે સરકાર તરફથી જે યોજનાઓ અમલમાં મુકાઈ રહી છે, તે અંગે પણ તેમણે વેપારીઓને માહિતગાર કર્યા. સાથે જ હીરાબજારમાં વધુ સુવિધાઓ ઉભી કરવા માટે જરૂરી સૂચનો મેળવ્યા.

ધારાસભ્યએ હીરા વેપારીઓને વિસ અપાવ્યો કે તેઓ સરકારના સ્તરે હીરા ઉદ્યોગ સંબંધિત મુદ્દાઓને ઉઠાવી યોગ્ય નીતિગત પગલાં લેવા માટે પ્રયત્નશીલ રહેશે. તેમણે સ્થાનિક વેપારીઓને વધુ સંગઠિત થવા અને વૈકિ બજારમાં સ્પર્ધાત્મક બનવા માટે નવી તકનીક અપનાવવાની સલાહ પણ આપી. આ મુલાકાતથી વેપારીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૮૦૦ | ૧૦૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૦૧૨ |
| ૩ | તલ કાળા | ૩૭૫૦ | ૪૨૭૧ |
| ૪ | કપાસ | ૧૬૦૦ | ૧૬૩૨ |
| ૫ | ઘઉં લોકવન | ૫૩૫ | – |
| ૬ | બાજરો | ૩૦૦ | ૪૫૧ |
| ૭ | જુવાર | ૪૫૦ | – |
| ૮ | ચણા | ૯૦૦ | ૧૦૮૫ |

### જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને

## અમરેલી : જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ

### વિકાસકાર્યોને ઝડપથી પૂર્ણ કરવા દિશાનિર્દેશ

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

કલેકટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં, જનપ્રતિનિધિઓએ વિવિધ વિસ્તારના આંતરિક અને અન્ય મુખ્ય માર્ગ સાથે જોડતાં અન્ય રસ્તાઓ, સિંચાઈ, પાણી, વીજ, અરજદારોને લોન સહાય, પ્રાથમિક સુવિધા, જમીન માપણી અને જમીન સંપાદન સહિતના નાગરિકલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી.

જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે, નાગરિકોના પ્રશ્નોના સકારાત્મક નિરાકરણ કરવા માટે સંબંધિત કચેરીઓના વડાઓને જરૂરી સંકલન કરવા સૂચના આપી હતી.

માર્ગ અને મકાન (પંચાયત અને રાજય), તેમજ માર્ગને લગતા તેમજ અન્ય વિકાસ કાર્યોને ઝડપથી પૂર્ણ કરવા જિલ્લા કલેકટરે દિશાનિર્દેશ આપ્યા હતા.

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકની સાથે અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક પણ યોજાઈ હતી.

જિલ્લા કલેકટર એ ગણેશ શ્રેષ્ઠ પંડાલ પ્રતિયોગિતા અને રમત ગમત દિવસ અને તે અન્વયે જિલ્લા અને તાલુકા કક્ષાએ કરવાના થતાં કાર્યક્રમો માટે જરૂરી આયોજન કરવા જણાવ્યુ હતુ.

બેઠક સંચાલન નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલે કર્યુ હતુ. જિલ્લાની વિવિધ કચેરીઓના પેન્ડિંગ હોય તે તમામ પેન્શન કેસ બાબતે જરૂરી કાર્યવાહી સક્રિય રીતે પૂર્ણ કરવા જણાવ્યુ હતુ. આરટીઆઈ અને તેને લગતી અપીલ, વિવિધ સમાચાર પત્રમાં આવતા સમાચારના પ્રત્યુત્તરરૂપે કચેરીઓ દ્વારા કરવામાં આવેલી કામગીરી સત્વરે પૂર્ણ કરવા અને તે કામગીરી વિગતો રજૂ કરવા સૂચના આપી હતી.

બેઠકમાં, સાવરકુંડલા–લીલીયા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, ધારી–બગસરા ધારાસભ્ય શ્રી જે. વી. કાકડીયા અને લાઠી–બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, સુપર ન્યુમરિરી આઈ. એ. એસ. અતુલ સિંઘ, નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલ, પ્રાંત અધિકારીઓ, માર્ગ અને મકાન (રાજય અને પંચાયત), સિંચાઈ, જળસિંચન સહિત વિવિધ કચેરીઓના કાર્યપાલક ઈજનેરો, નાયબ જિલ્લા વિકાસ અધિકારી તાલુકા મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને વિવિધ કચેરીઓના અધિકારીઓ અને કર્મયોગીઓ સહિતના બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

### મૃત્યુ માપેલ સાગરખેડુતનાં પરિવારને

એક બોટ માલિક છું અને મારી સાથે અન્ય ૪ થી ૫ બોટો પણ આ દુર્ઘટનામાં ડૂબી ગઈ છે. એક બોટની કિંમત આશરે ૭૫ થી ૮૦ લાખ સુધીની હોય છે. આવી પરિસ્થિતિમાં બોટ માલિકોનેભારેઆર્થિકનુકસાનભોગવવુંપડે છે. એટલા માટે સરકાર તરફથી દરેક બોટ માલિકને ઓછામાં ઓછું ૫૦ લાખ સુધીનું વળતર આપવામાં આવે. જેથી તેમની આજીવિકા ફરીથી ઉભી કરી શકાય.

આવા સંજોગોમાં સરકારએ દીર્ઘકાલીન વ્યવસ્થા કરવી જરૂરી છે. વધુમાંથી ૧. દરિયામાં લાપતા સાગર ખેડુતોને શોધવા તાત્કાલિક મોટા જહાજો, સ્ટીમર, ભારતીય નૌસેના અથવા કોસ્ટ ગાર્ડની મદદથી અભિયાન ચલાવવામાં આવે. મૃત્યુ પામેલા દરેક સાગર ખેડુના પરિવારને ઓછામાં ઓછું ૨૫ લાખનું આર્થિક સહાય પેકેજ આપવામાં આવે. સાગર ખેડુઓને સુરક્ષા માટે માર્ગદર્શન સેમિનાર તથા તાલીમ આપવામાં આવે. દરિયા કિનારે કાયમી રીતે રેસ્કયુ માટે સારા જહાજો, સ્ટીમર અને આધુનિક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવે.

### પાના ૧ ઉપરનું ચાલું બે માચ્છીમારનાં મૃતદેહ

હતા.

આજે બપોરના કોસ્ટગાર્ડ દ્વારા આ બંને મૃતકના મૃતદેહને જાફરાબાદ લાવવા માટે થઈ ખાસ દરિયાઈ જહાજ દ્વારા પ્રથમ પીપાવાવપોર્ટ ખાતે લાવવામાં આવ્યા હતા અને ત્યાર બાદ એમ્બ્યુલન્સ મારફતે જાફરાબાદ સરકારી દવાખાને લવાયા હતા. ત્યારે ભારે શોકનો માહોલ છવાય જવા પામેલ હતો.

આવા કપરા સમયમાં સ્થાનિક ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, અમરેલીના સાંસદ ભરત સુતરીયા સહિતના અનેક આગેવાનો ત્યાં હાજર રહી તમામ વ્યવસ્થાઉભી કરી હતી.

આ બનાવમાં હજુ બાકી રહેતા ૯ માચ્છીમારો લાપતા હોય તેમની પણ શોધખોળ કોસ્ટગાર્ડ કરી રહ્યું છે. પરંતુ હાલમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયા કિનારે આવેલ બંદરો ઉપર ૪૦ થી ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાઈ રહયો છે. તેને લઈ બાકી રહેતા ૯ માચ્છીમારો લાપતા હોય તેમની પણ શોધખોળ કોસ્ટગાર્ડને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે.

### પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદના લાપતા માચ્છીમારોના

ગઈ છે.

**પીડામાં સંતાડાયેલા પરિવારજનો**

પૂનમબેન કહે છે કે તેમના બે નાના બાળકો રોજ પિતાને યાદ કરી રડતા રહે છે.

''બાળકો આખો દિવસ પપ્પાને શોધે છે...'' દરવાજા પાસે ઊભા રહીને કહે છે કે ''મમ્મી, પપ્પા ક્યારે આવશે? હું એમને શું જવાબ આપું? હું ખુદ પતિના વિરહમાં તડપી રહી છું.''

પરિવારમાં આર્થિક સ્થિતિ પણ નાજુક છે. હરેશભાઈ માછીમારી દ્વારા જ પરિવાર ચલાવતા હતા. હવે તેમની ગેરહાજરીએ પરિવાર પર ભવિષ્યના અંધકારની છાયા પાથરી દીધી છે.

**સરકાર અને તંત્રને અપીલ**

પૂનમબેન આંસુભીની આંખોથી સરકારને અપીલ કરે છે – ''મારી વિનંતી છે કે તંત્ર દરિયામાં ગુમ થયેલા મારા પતિને શોધવા તાત્કાલિક પગલાં લે. અમે દરિયો અને પવનની મેહેરબાની પર જીવતા લોકો છીએ, પણ આવું બનશે એ ક્યારેય વિચાર્યું નહોતું. મને મારી સંતાનો માટે પતિને પરત જોઈએ.''

**દરિયામાં રોજિંદી લડત**

જાફરાબાદના દરિયાકાંઠાના માછીમારો માટે દરિયો જીવનરેખા છે. પરંતુ એ જ દરિયો ક્યારે કફન સમાન બની જાય તેની ખાતરી નથી. વરસાદી મોસમમાં દરિયાની હિંસક લહેરો અને વીજળીના ચમકારા વારંવાર માછીમારોને મુશ્કેલીમાં મૂકે છે. તંત્ર વારંવાર સલાહ આપે છે કે આવા સમયે દરિયામાં ન ઉતરવું, પરંતુ રોજીંદા જીવનનો ગુજરાન ચલાવવા માટે માછીમારો ઘણીવાર મજબૂરીમાં દરિયામાં જવા તૈયાર થઈ જાય છે.

**ગામમાં શોકનો માહોલ**

હરેશભાઈ સહિતના લાપતા માછીમારોના ગામમાં ભારે શોક છે. લોકો દરરોજ બંદર પાસે ભેગા થાય છે અને આશા રાખે છે કે કદાચ ગુમ થયેલા પોતાના લાડકવાયાં સુરક્ષિત પાછા આવી જાય. પરંતુ દિવસ–પ્રતિદિન આશા ઓછી થતી જાય છે.

**સંદેશો સૌ માટે**

આ ઘટના માત્ર એક કુટુંબની જ નહીં, પરંતુ આખા જાફરાબાદના માછીમાર સમાજ માટે ચેતવણી સમાન છે. કુદરત સામે માનવીની લાચારતા સ્પષ્ટ થાય છે. તંત્ર દ્વારા માછીમારો માટે વધુ સુરક્ષા ઉપાયો, સમયસર ચેતવણી અને આધુનિક ટેકનોલોજી દ્વારા બચાવ કામગીરી મજબૂત બનાવવી અત્યંત જરૂરી છે.

જાફરાબાદના દરિયે પલ્ટી મારી ગયેલી ''જય તાત્કાલિક'' બોટની દુર્ઘટનાએ અનેક ઘરોમાં શોક ફેલાવ્યો છે. આજે પણ હરેશભાઈ બારીયા જેવા માછીમારોના પરિવારજનો દરિયાની લહેરો તરફ નજર રાખી બેઠા છે, આશા રાખે છે કે તેમનો પતિ, પિતા, પુત્ર કયારેક પરત ફરશે.

દરિયો અમારી રોજીરોટી છે, પણ એ જ દરિયો અમને વિખેરી નાખે છે – આ માછીમારોના દિલની આહ છે.


### ભાદરવી અમાસ નિમિત્તે ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ

## સાવરકુંડલાનાં શહેરીજનો શિવમંદિરોમાં જલાભિષેક અને બિલ્વપત્ર ચડાવી શિવપૂજા કરતાં જોવા મળેલ

### પીપળાના વૃક્ષોની ફરતે પ્રદક્ષિણા કરી પિતૃતર્પણ કરતા જોવા મળ્યા હતા

સાવરકુંડલા, તા. ૨૩

આજના દિવસે લોકો યથા શક્તિ દાન પૂણ્ય કરે છે. જેમાં ગાયોને ઘાસચારો પક્ષીઓને ચણ અને ગરીબ ભૂખ્યા લોકોને ભોજન, સાધુ બ્રાહ્મણને દાન દક્ષિણા આપી પૂણ્ય કાર્યો કરતા જોવા મળ્યા હતા.

સાવરકુંડલા શહેરમાં આજરોજ ભાદરવી અમાસના રોજ ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ વહેલી સવારથી લોકો શિવમંદિરોમાં શિવલિંગ પર અભિષેક બિલીપત્રના અને જલાભિષેક સાથે પીપળાના વૃક્ષોની સમક્ષ દીપ પ્રગટાવીને જળ સિંચન સાથે પૂર્ણ શ્રદ્ધાથી પીપળાના ફરતે પ્રદક્ષિણા કરી શ્રધ્ધા અને આસ્થા સાથે પિતૃતર્પણ કરતા જોવા મળ્યા. આમ તો આ પર્વ કેલેન્ડરની તારીખ નથી, પરંતુ આપણી શ્રદ્ધા, સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથેના જોડાણનું એક અનોખું પ્રતીક છે. ભાદરવી અમાસનું હિન્દુ ધર્મમાં અને ગુજરાતની સંસ્કૃતિમાં વિશેષ મહત્વ છે. આ અમાસ માત્ર એક તિથિ નથી, પરંતુ પૂર્વજોના તર્પણ ધાર્મિક વિધિઓ અને પ્રકૃતિ સાથેના જોડાણનો એક અનમોલ અવસર છે. ભાદરવી અમાસનું ધાર્મિક અને પૌરાણિક મહત્વ પણ છે. આ દિવસે કરવામાં આવતા દાન અને પુણ્યનું વિશેષ ફળ મળે છે. ઘણા લોકો ગાયને ઘાસ ખવડાવે છે, ગરીબોને ભોજન કરાવે છે અને પક્ષીઓ માટે દાણા નાખે છે. શહેરના શિવમંદિરોમાં લોકો શિવલિંગ પર જળાભિષેક અને બિલ્વપત્ર અર્પણ કરતા જોવા મળ્યા હતા., કારણ કે શિવને પિતૃઓના મુક્તિદાતા માનવામાં આવે છે. ગુજરાતમાં, ભાદરવી અમાસનું એક આગવું સ્થાન છે. આ દિવસે ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારોના લોકો પ્રકૃતિ અને તેમની આજીવિકા માટે દેવી–દેવતાઓના આશીર્વાદ પણ માંગે છે. ભાદરવી અમાસ માત્ર એક ધાર્મિક તહેવાર નથી, પરંતુ તે કૃષિ સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથેના માનવના જોડાણનું પ્રતીક પણ છે. રક્ષાબંધનના પર્વ પર બાંધેલી રાખડીઓ આજે પીપળાના વૃક્ષની સાક્ષીએ છોડી પીપળાને અર્પણ કરતા જોવા મળ્યા હતા.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં હળવા ઝાપટાથી

ઈંચ વરસાદ પડી જવાના કારણે શહેરના માર્ગો નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. જયારે શહેરના નિચાણ વાળા વિસ્તારોમાં પાણી પણ ભરાયા હતા.

બગસરા પંથકમાં પણ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતાં સમગ્ર વિસ્તારમાં વરસાદી માહોલ સર્જાયો હતો. બગસરા શહેરમાં સતત વરસાદી ઝાપટાઓ વરસતા લોકો વરસાદી ઠંડકનો આનંદ માણી રહ્યા છે, તો બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં મુશળ ધાર વરસાદથી ખેડૂત વર્ગમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. બગસરાના માવજીંજવા ગામમાં ભારે વરસાદને કારણે ચેકડેમ છલકાઈ જતાં ઓવરફલોની સ્થિતિ સર્જાઈ હતી. પાણીના જોરદાર પ્રવાહને કારણે બગસરાથી માવજીંજવા જતો મુખ્ય માર્ગ બાધિત થયો છે, જેના કારણે સ્થાનિક લોકોને અવરજવર કરવામાં મુશ્કેલી પડી રહી છે.

વડીયા પંથકળ પણ આજે વરસાદ પડતા તાલુકાના સુરવો ડેમમાં પાણીની આવક વધી જતા ડેમ ઓવરફલો થઈ ગયો છે. વધારાનો પાણીનો દબાણ નિયંત્રિત કરવા તંત્ર દ્વારા સુરવો ડેમના બે દરવાજા એક એક ફૂટ જેટલા ખોલવામાં આવ્યા છે. ડેમમાંથી પાણી છોડાતા નીચે આવતાં ગામોને તંત્ર દ્વારા સાવચેત રહેવા તાકીદ કરવામાં આવી છે. ખાસ કરીને નદીકાંઠાના વિસ્તારોમાં વસવાટ કરતા લોકોને નદી કિનારે ન જવા સૂચના આપવામાં આવી છે.

લાઠી પંથકમાં સવારથી જ આકાશમાં ઘનઘોર વાદળો છવાઈ જતા વાતાવરણમાં ફેરફાર અનુભવાયો હતો. બપોર બાદ ધીમેધારે વરસાદ શરૂ થતાં સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

જાફરાબાદ બંદર ખાતે હવામાન વિભાગની ચેતવણીને પગલે ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. તંત્ર દ્વારા માછીમારોને દરિયામાં ન જવા હાકલ કરવામાં આવી છે, જેથી કોઈ દુર્ઘટના સર્જાય નહીં. ચેતવણી મળતાં જાફરાબાદ દરિયાકાંઠે આવેલી લગભગ ૭૦૦ જેટલી બોટો કિનારે રોકી દેવામાં આવી છે. ભારે કરંટ અને ઉંચા મોજાંને કારણે દરિયામાં માછીમારી કરવા જોખમરૂપ પરિસ્થિતિ સર્જાઈ છે.

અમરેલી ડિઝાસ્ટરમાં સાંજે ૮ વાગ્યા સુધીમાં કુંકાવાવમાં ૫૬ મી.મી; લાઠીમાં ૧૪ મી.મી; લીલીયામાં ૧૦ મી.મી; અમરેલીમાં ૩૦ મી.મી; બગસરામાં ૧૦ મી.મી; સાવરકુંડલામાં ૨ મી.મી; ખાંભામાં ૫ મી.મી; જાફરાબાદમાં ૩ મી.મી; જયારે રાજુલામાં ૩ મી.મી; વરસાદ નોંધાયો છે.

### લોક સાહિત્ય સેતુ પરિવાર દ્વારા કાર્યક્રમનું આયોજન

# અમરેલીમાં આજે ડો. પ્રતાપભાઈ પંડયાની પાંચમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાશે

**પૂ. ભકિતરામબાપુ અને ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી હાજર રહેશે**

અમરેલી, તા. ૨૩

અમરેલીના પનોતા પુત્ર, જાણીતા શિક્ષણવિદ અને દેશ અને દુનિયામાં પુસ્તક પરબના પ્રણેતા તરીકે જાણીતા સ્વ. ડો. પ્રતાપભાઈ પંડ્યાની પાંચમી પુણ્યતિથિ નિમિતે અમરેલીની લોકસાહિત્ય ક્ષેત્રે કામ કરતી સંસ્થા લોકસાહિત્ય સેતુ–અમરેલી દ્વારા તેમના કાર્યો ને સ્મરણાંજલિ આપવા દેશના સહકારી રત્ન અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના પ્રમુખ સ્થાને તેમજ માનવમંદિર સાવરકુંડલા ના મહંત પૂ. ભક્તિરામબાપુની વિશેષ ઉપસ્થિતિમાં એક વિશેષ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. પ્રદેશ ભાજપ અગ્રણી અને સમાજ સેવક ડો. ભરતભાઈ કાનાબાર, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ડો.જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ–બાલભવનના મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટના મુખ્ય મહેમાન પદે યોજાનારા આ કાર્યક્રમમાં લોકસાહિત્ય સેતુ પરિવાર, સાહિત્ય સર્જક પરિવાર, લેખકો, કવિઓ, કલાકારો ઉપસ્થિત રહીને અમરેલીના પનોતા પુત્ર સ્વ. ડો. પ્રતાપભાઈ પંડ્યાને ભાવાંજલિ અર્પિત કરશે.

સ્વ.ડો.પ્રતાભાઈ પંડ્યા આજીવન શિક્ષક હતા. અમરેલી જિલ્લાના અડતાળા ગામથી અમેરિકા સુધીની તેમની યાત્રા ખૂબજ રસપ્રદ રહી છે. એક સારા લેખક અને ગુજરાતી માતૃભાષા પ્રત્યે નું તેમનું યોગદાનની નોંધ લઈ ને ગુજરાત સરકારે જેમને ગુજરાત ગૌરવ પુરસ્કાર થી સન્માનિત કર્યા હતા તેવા સ્વ. ડો. પ્રતાપભાઈ પંડ્યા એ ગુજરાત માં તથા વિદેશના અનેક દેશોમાં ગુજરાતી ભાષાને જીવંત રાખવા માટે ૩૦૦ જેટલા પુસ્તક પરબની સ્થાપના કરીને ૪ ચાર કરોડ રૂપિયાનું અનુદાન કરી ને એક અનોખી મિસાલ પ્રસ્થાપિત કરી હતી જેની નોંધ આજે પણ લેવાઈ રહી છે. સ્વ. પ્રતાપભાઈની પુત્રી કુ. મનિષાબહેન પંડ્યા અમેરિકા રહી ને પણ તેમના પિતાજીના કાર્યોને આગળ વધારી રહ્યાં છે.

મહેન્દ્રભાઈ જોષી દ્વારા લોકસાહિત્ય સેતુ સંસ્થાની સ્થાપના આજથી ૧૧ વર્ષ પહેલા લોકસંત પૂ. મોરારીબાપુના આશીર્વાદ થી શરૂ કરવામાં આવી હતી. સંસ્થાનો મુળ હેતુ ગામડામાં કે શહેરમાં વસ્તા એવા લોકો કે બાળકોમાં ગાવાની કે વાત કરવાની કલા હોય પણ તેમને યોગ્ય સ્ટેજ કે માર્ગદર્શના અભાવે તેમની કલા સમય જતા મૃત થઈ જતી હોય છે આવા સંભવિત કલાકારોને શોધી ને તેમને સ્ટેજ અને માર્ગદર્શન આપવાનું કાર્ય આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. છેલ્લા ૧૧ વર્ષમા આ સંસ્થા દ્વારા અનેક નવોદિતોને શોધી ને તેમનામા પડેલી શક્તિ ને બહાર લાવવાનું કાર્ય કરીને તેમને એક કલાકારના રૂપમા સમાજ સમક્ષ મુકયા છે. જેઓ આજે કલાકાર રૂપે સ્વતંત્ર કાર્યક્રમો આપતા થઈ ગયા છે. આવી એક બહુમૂલ્ય સંસ્થાના સ્થાપક એવા મહેન્દ્રદાદા જોષી તેમની ઉંમર ૭૫ ઉપર થઈ હોવાથી તેઓ એ સ્વૈચ્છિક રીતે પ્રમુખ પદે થી નિવૃત થવાનું નક્કી કરતા તેઓને પણ મહાનુભાવોના હસ્તે તેમની સેવાકીય નોંધ લઈને તેમને સન્માનિત કરવામાં આવશે. નવા વરાયેલા પ્રમુખ ઈતેશભાઈ મહેતાને જવાબદારી સોંપવામા આવશે. આજે ૪થી૭ સશાંક મહાજન પાર્ટી પ્લોટ અમરેલી ખાતે યોજાનાર કાર્યક્રમ માં લોકસાહિત્ય સેતુ સમિતિના સર્વ દિપકભાઈ વઘાસિયા, વિપુલભાઈ ભટ્ટી, રઘુભાઈ ભટ્ટ, બિનાબહેન શુકલ, ચંન્દ્રકાંત બારોટ, રમેશભાઈ જાદવ સહિત સંસ્થાના માર્ગદર્શકો સર્વ નારણભાઈ ડોબરીયા ,ગોરધનભાઈ સુરાણી, હસુભાઈ જોષી, ગોવિંદભાઈ ગોંડલિયા, મહેન્દ્રભાઈ શુકલ, બિન્દુબેન જોષી, સોનલબેન જોષી સહિત પરિવાર ઉપસ્થિત રહેશે.

### જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ

**જરૂરી માર્ગદર્શન આપી સહાયની ખાત્રી આપી**

અમરેલી તા.૨૩

જિલ્લા સેવા સદન અમરેલી ખાતે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેકટર અતુલ સિંઘ પણ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં, જિલ્લા કલેકટર ભારદ્વાજે જિલ્લાની પાણી પુરવઠા યોજનાઓ, નળ સે જળ યોજના અન્વયે પૂર્ણ થયેલ કામગીરીનો અહેવાલ મેળવ્યો હતો.

જિલ્લામાં પ્રગતિ તળેના કામો, નવી મંજૂર કરવાની યોજના, વિવિધ કામોની સૈધ્ધાંતિક મંજૂરી, બોર, પમ્પીંગ, મશીનરી, અને તેને લગતી જરૂરી સાધન સામગ્રીની કામગીરી, પાણી સમિતિ ઓડિટ કામગીરી, પૂર્ણ થયેલ કામો બાબતે ગ્રામ કક્ષાએથી સર્ટીફિકેશનની કામગીરી સહિતની બાબતે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

ઓગમેન્ટેશન ટેપ કનેકિટવિટી ઈન રૂરલ એરિયા અને નળ સે જળ યોજના અન્વયે નળ કનેકશન માટે ૮૨૧ ગામ અને પરાઓમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

આ કામગીરી અંતર્ગત જિલ્લાના ૨,૫૮,૨૧૯ ઘરને નળ કનેકશન આપવામાં આવ્યા છે. ૪ ગામ, પરાઓની કામગીરી પ્રગતિ તળે છે. જે સત્વરે પૂર્ણ કરવા માટે જિલ્લા કલેકટરએ સૂચના આપી હતી.

નળ સે જળ યોજના અન્વયે ૩૩૯ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. ૩૩૫ યોજનાઓનું કામ પૂર્ણ કરવામાં આવ્યુ છે. બાકી રહેતી ૪ ગામોની યોજનાઓનું કામ પ્રગતિ તળે છે.

આ યોજના અન્વયે જિલ્લાના તમામ ગામોમાં સર્ટીફિકેશનની કામગીરી કરવાની થતી હોય. જે અંતર્ગત જિલ્લાના ૬૨૮ ગામો પૈકી ૬૧૬ ગામોમાં સર્ટિફિકેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા, વાસ્મોના અધિકારી, અન્ય સંબંધિત અધિકારી, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે મહિલાઓ માટે મહિલા અને બાળ વિકાસ સાથે–સાથે બેકરીની વિવિધ વાનગીઓ અંતર્ગત ઓફ કેમ્પસ તાલીમનું આયોજન



અમરેલી, તા. ૨૩

જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી ધ્વારા મહિલા અને બાળ વિકાસ સાથે–સાથે બેકરીની વિવિધ વાનગીઓ અંતર્ગત ક્ષેત્રીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું.જેમાં અમરેલી જિલ્લાના બાબાપુર ગામનાં ૪૮ કરતાં વધારે મહિલાઓએ ભાગ લીધો હતો. આ તાલીમ અંતર્ગત મહિલા અને બાળકો માટે ચાલતી વિવિધ સરકારી યોજનાઓની માહિતી આપવામાં આવી અને બેકરીની વિવિધ વાનગીઓ જેવી કે બિસ્કિટ, કેક, પફ, પીઝાના રોટલા વગેરે વસ્તુ ઘરે કેવી રીતે બનાવી શકાય ઉપરાંત તેમાથી આવક કઈ રીતે ઉભી કરી શકાય તે શીખવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના ગૃહવિજ્ઞાનના વૈજ્ઞાનિક ડૉ. નેહા તિવારીએ મહિલાઓને મહિલા અને બાળ વિકાસ અને બેકરીની વિવિધ વસ્તુઓ બનાવીને આર્થિક કમાણી અને તેનું માર્કેટિંગ કરવાની પધ્ધતિઓ વિષે સચોટ વાત કરી હતી. ડો.મિનાક્ષી કે. બારીયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમના અંતમાં તાલીમાર્થી મહિલાઓએ ખુબ જ સંતોષ વ્યકત કર્યો હતો. અને મોટી સંખ્યામાં મહિલાઓએ આ પધ્ધતિઓ અપનાવવાનો નિર્ણય લીધો હતો.

# દામનગર ખાતે ગાયત્રી મંદિરે આગામી બુધવારે નેત્ર યજ્ઞ યોજાશે

દામનગર, તા. ૨૨

દામનગર ગાયત્રી મંદિર સિનિયર સીટીઝન ટ્રસ્ટ ભુરખિયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ ગાયત્રી પરિવારના સયુંકત ઉપક્રમે આયોજિત ૨૭ મી ઓગસ્ટ ને બુધવારે નેત્રયજ્ઞ યોજાશે. આંખની હોસ્પિટલ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ રાજકોટની તબીબી સેવા દ્વારા વિનામુલ્યે સુપર મેગા સદ્‌ગરૂ નેત્રયજ્ઞ રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ દ્રષ્ટિ ક્ષતિ (NPCB & VI) અનુદાનીત દામનગરમાં નેત્રમણી – નેત્રયજ્ઞ (ઓપરેશન સુવિધા સાથે) તારીખ. ૨૭/૮/૨૦૨૫, બુધવાર સમય સવારના ૯:૩૦ થી ૧૨:૩૦ સ્થળ. ગાયત્રી મંદીર,ખાતે યોજાશે. નેત્રયજ્ઞ માં આંખના રોગોનું નિદાન કરી, જરૂરીયાતવાળા મોતીયાના દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલની બસમાં લઈ જઈ. અત્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિના મુલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. ઓપરેશન થયા બાદ દર્દીને કેમ્પના સ્થળે પરત મુકવાની વ્યવસ્થા પણ હોસ્પિટલ તરફથી કરવામાં આવશે. જમવા, શુધ્ધ ઘી નો શીરો, ચા–પાણી, નાસ્તો, ચશ્મા, દવા. ટીપા, વગેરે મફત આપવામાં આવશે. કોઈપણ શરદી, તાવ, ઉધરસ જેવી તકલીફ હોય તો પહેલા જાણ કરવી.મોતીયાના ઓપરેશન માટે આવતા દર્દી માટે ખાસ સુચના(૧) દરેક દર્દીઓએ ફરજીયાત માથુ ધોઈને, સ્વચ્છ ધોયેલા કપડા પહેરીને, એક જોડી કપડા સાથે રાખીને આવવાનું રહેશે. (૨) દરેક દર્દીઓએ ફરજીયાત પોતાના અથવા આજુબાજુના ફોન નંબર, મોબાઈલ નંબર સાથે રાખવાના રહેશે.(૩) ઓપરેશન થયા બાદ બીજા દિવસે રજા આપવામાં આવશે તેવી ઘરે જાણ કરીને આવવાનું રહેશે.

# રાજુલા પ્રાંત કચેરી ખાતે તાલુકા સ્વાસ્થ્ય પરિષદ અંતર્ગત જનસંવાદ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૩

આરોગ્ય સંબંધિત નીતિ વિષયક તેમજ વ્યૂહાત્મક નિર્ણયો લેવાની પ્રક્રિયામાં જન ભાગીદારીનો વ્યાપ વધારવા માટે પ્રાંત કચેરી રાજુલા ખાતે નાયબ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાસ્થ્ય પરિષદ અંતર્ગત જન સંવાદનુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા લોકોને ગુણવત્તાયુકત આરોગ્ય સેવાઓ મળી રહે તેમજ કયોરેટીવ કેર સાથે પ્રિવેન્ટીવ કેર ઉપર ભાર મુકવા હાજર પદાધિકારીઓ અને સભ્યો દ્વારા જન સંવાદ કરવામા આવેલ.

સ્વાસ્થ્ય પરિષદમાં માતા અને બાળ આરોગ્ય, કુપોષણ, એનિમિયા તેમજ બિનચેપી રોગો સંદર્ભે જનસંવાદ કરી રાજુલા જાફરાબાદ તાલુકાના કોઈપણ ગામમા એક પણ બાળક કે મહિલા કુપોષિત ન રહે, સગર્ભા બહેનનું મુત્યુ ન થાય અને નવજાત બાળક તંદુરસ્ત રહે તે માટે દરેકે સ્વૈચ્છિક જવાબદારી નૈતિકતા પૂર્ણ સ્વીકારવા માટેનો અનુરોધ કરાયો હતો. સાથે સાથે પી.એન.ડી.ટી. એક્ટનુ યોગ્ય અમલીકરણ કરાવવા, સગર્ભા માતાઓને સરકારી સંસ્થા ખાતે ડિલિવરી કરાવવા સમજણ આપવા અને રોગચાળા અટકાયતી અને ક્લોરિનેશન કામગીરી બાબતે ચર્ચા કરવામા આવી હતી.

લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરી શકાય તે માટે રાજુલા તાલુકામાં નવી બ્લડ બેંક બનાવવા, વસ્તી મુજબ નવા આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવા, આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની નિમણૂંક તેમજ જમીન દરખાસ્ત થયેલ હોય ત્યાં નવા પેટા આરોગ્ય કેન્દ્રો જલ્દી બને તે માટે બાંધકામ શાખાને જાણ કરવા ચેતનભાઈ શિયાળ અને જીગ્નેશભાઈ પટેલ દ્વારા જણાવેલ તેમજ બ્લડ બેંક સહિતની બાબતો જીલ્લા સ્વાસ્થ્ય પરિષદમાં રજૂ કરવા સભ્યઓ દ્વારા રજૂઆત કરાઈ હતી.

જનસંવાદ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી ડો.મેહુલકુમાર બરાસરા, ચેતનભાઈ શિયાળ, જીગ્નેશભાઈ પટેલ, ધીરજકુમાર પુરોહિત, કાનાભાઈ ગોહિલ, સાગરભાઈ સરવૈયા, ટી.એચ.ઓ.ડો. નિલેશ કલસરીયા અને ડો. મયુર ટાંક સહિતના આરોગ્ય અધિકારીઓ તેમજ તાલુકા સંકલનના સભ્યો હાજર રહ્યા હતા જે યાદીમા જણાવેલ છે.

# અમરેલી : તાલુકા હેલ્થ કચેરી દ્વારા સ્વાસ્થ્ય પરિષદ જનસંવાદ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૩

જિલ્લા પંચાયત મીટીંગ હોલ ખાતે અમરેલી તાલુકા કક્ષાનો સ્વાસ્થ્ય પરિષદ જનસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવેલ હતું જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ કાનાણી, જિલ્લા વિકાસ અધિકારી પંડ્યા, પ્રાંત અધિકારી નાકિયા, જિલ્લા આરોગ્ય અધિકારી જોશી, ડો.સિંહ, તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા પંચાયત સદસ્ય, નગરપાલિકા સદસ્ય, શહેર ભાજપ પ્રમુખ, શહેર ભાજપ મહામંત્રી, તેમજ અન્ય આગેવાનો તથા તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, સીટીપીઓ, ટીપીઓ, વગેરે અધિકારીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ કરવામાં આવેલ તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા હાજર તમામ સદસ્ય આરોગ્યના વિવિધ પ્રોગ્રામ અંતર્ગત સમજણ પૂરી પાડવામાં આવેલ હતી.આ સ્વાસ્થ્ય પરિષદ જનસંવાદ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ માતા અને બાળક સ્વસ્થ રહે અને નિરોગી રહે બાળ મરણ અને માતા મરણ અટકાવવાનો તમામ લોકો માનસીક રીતે સ્વસ્થ રહે તે હેતુ મુખ્ય હતો માતા–આરોગ્ય અને માતા–મરણ સબંધિત પરિબળો અને તેના અસરકારક નિવારણ, બાળા–આરોગ્ય અને બાળ–મરણ સબંધિત પરિબળો અને તેના અસરકારક નિવારણ, માતા, બાળકો અને કિશોર–કિશોરીઓના પોષણમાં સુધારો કરવા અંગેની ચર્ચા, કિશોરો અને સગર્ભા સ્ત્રીઓમાં એનિમિયાનું પ્રમાણ ઘટાડવા અંગેની ચર્ચા, બિન–ચેપી રોગો (એન.સી.ડી.)નુ વધતુ જતુ ભારણ, પાણીજન્ય અને વાહક–જન્ય રોગચાળાની અટકાયત તેમજ બચાવ, આત્મહત્યાનું પ્રમાણ ઘટાડવુ તેમજ માનસિક સ્વાસ્થ્યમાં સુધારો કરવો, ટી.બી. મુકત પંચાયતના માપદંડો વિશે ચર્ચા, ઉપરોકત તમામ કાર્યક્રમોની પદાઅધિકારીઓ તથા અધિકારીઓ એ સ્વાસ્થ્ય પરિષદ જનસંવાદ કાર્યક્રમ કરવામાં આવેલ હતો.અમરેલી તાલુકા આરોગ્ય અધિકારી ડો. જાટ દ્વારા તમામ ઉપરોકત કાર્યક્રમનું સવિશેષ સમજણ અને માર્ગદર્શક પુરૂ પાડવામાં આવેલ હતું. આવેલ તમામ પદાઅધિકારી તથા અધિકારી તથા તાલુકા સ્ટાફ તમામનો આભાર માની કાર્યક્રમને પુર્ણ કરેલ.

# ગિરનાર પર્વત પર ૨ કલાકમાં 3 ઇંચ વરસાદ ખાબકતાં દામોદર કુંડમાં ઘોડાપૂર

જુનાગઢ, તા. ૨૩

જુનાગઢમાં ભારે વરસાદને પગલે ગિરનાર પર્વત અને દાતાર પર્વત પર પાણીની આવક વધી છે, જેના કારણે નદીઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને ગિરનાર પર્વત પર બે કલાકમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ પડતાં દામોદર કુંડમાં ઘોડાપૂર આવ્યું છે.આજે અમાસ નિમિત્તે મોટી સંખ્યામાં ભાવિકો પિતૃતર્પણ કરવા માટે દામોદર કુંડ આવ્યા હતા. જોકે, કુંડમાં પૂરની પરિસ્થિતિને કારણે વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓની સલામતી માટે દામોદર કુંડ, જટાશંકર અને વિલિંગડન ડેમ પર પ્રવેશ પર રોક લગાવવામાં આવી છે. પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી આ પ્રતિબંધ ચાલુ રહેશે.

યાત્રાળુઓને રોકવા માટે દામોદર કુંડ પાસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પોલીસ દ્વારા લોકોને કુંડમાં પ્રવેશ ન કરવા દેવામાં આવી રહ્યા છે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. વહીવટી તંત્રએ જણાવ્યું છે કે જ્યારે પાણીનું સ્તર નીચે જશે અને પરિસ્થિતિ સલામત બનશે, ત્યારે જ ભાવિકોને પિતૃતર્પણ માટે પ્રવેશ આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ભારે વરસાદને કારણે જુનાગઢ શહેર અને આસપાસના વિસ્તારોમાં પણ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. તંત્ર દ્વારા લોકોને સાવચેત રહેવા અને નદી-નાળાથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે.

### જિલ્લા લેઉવા પટેલ ચેરિ.ટ્રસ્ટ સંચાલિત

# અમરેલીની આર.કે.વઘાસિયા કોમર્સ મહિલા કોલેજનું નું B.Com (GM)Sem-IV શ્રેષ્ઠ પરિણામ

**બંસી વસાવડા, નેહા થળેશા અને સ્નેહ વિરાણી અગ્રેસર**







અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિ.ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ આર.કે.વઘાસિયા કોમર્સ મહિલા કોલેજનું B.Com (GM)-IV નું શ્રેષ્ઠ પરિણામ આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીનીઓ બંસી વસાવડા, નેહા થળેશા અને સ્નેહા વિરાણીએ ફર્સ્ટ સેકન્ડ અને થર્ડ સ્થાન મેળવીને સંસ્થાનું ગૌરવ વધારતા ટ્રસ્ટીગણ, કોલેજ સ્ટાફે શુભેચ્છા પાઠવી છે.

### સ્થાનિક પોલીસનું પ્રેરણાદાયી માર્ગદર્શન

# લીલીયા મોટા : પોલીસ સ્ટેશન ખાતે વિદ્યાર્થીઓની શૈક્ષણિક મુલાકાત

**સાયબર ક્રાઈમ અને ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો**



અમરેલી, તા. ૨૩

લીલીયા પોલીસ સ્ટેશન દ્વારા આજે અનોખી શૈક્ષણિક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. કન્યાશાળા તથા શ્રીમતી શાંતાબેન હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો હેતુ વિદ્યાર્થીઓને પોલીસ તંત્રની કામગીરી અંગે પ્રાથમિક માહિતગાર કરવો તથા કાયદા–સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

પોલીસ સ્ટાફ દ્વારા વિદ્યાર્થિનીઓને સ્ટેશનની અંદર ઉપયોગમાં લેવાતા વિવિધ સાધનો તથા હથિયારોની પ્રાથમિક જાણકારી આપવામાં આવી. સુરક્ષા જાળવવા માટે કયા પ્રકારના હથિયારોનો ઉપયોગ થાય છે, તેની કામગીરી કેવી રીતે થાય છે, તે અંગે વિદ્યાર્થીઓ ઉત્સુકતા પૂર્વક માહિતી મેળવી રહ્યા હતા.

આ સાથે સાયબર ક્રાઈમના વધતા જોખમો વિશે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું. સોશિયલ મીડિયા, ઓનલાઈન ફ્રોડ, ઓટીપી શેરિંગ જેવી બાબતોમાં સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી. વિદ્યાર્થિનીઓને સમજાવવામાં આવ્યું કે સાયબર ક્રાઈમથી બચવા માટે વ્યક્તિગત માહિતી ક્યારેય અજાણ્યા લોકો સાથે શેર ન કરવી.

પોલીસ સ્ટાફે ટ્રાફિક અવેરનેસ પર પણ ભાર મૂક્યો. વાહન ચલાવતી વખતે હેલ્મેટ તથા સીટ બેલ્ટનો ઉપયોગ કરવો, ટ્રાફિક નિયમોનું પાલન કરવું અને મોબાઈલનો ઉપયોગ ન કરવો જેવી જરૂરી બાબતો સમજાવવામાં આવી.

આ મુલાકાતથી વિદ્યાર્થિનીઓમાં કાયદો અને વ્યવસ્થાને પ્રત્યે વિશ્વાસ વધ્યો છે તેમજ સુરક્ષા અને સાવચેતી અંગે જાગૃતિ પ્રસરી છે. પોલીસ દ્વારા હાથ ધરાયેલ આ પ્રયાસને શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ પ્રશંસનીય ગણાવ્યો હતો.

### ૨૪ ઓગસ્ટથી ૨૮ ઓગસ્ટ, ''વર્લ્ડ વોટર વીક ''

# પાણીને ફૂટી છે વાણી, મને વાપરો જાણી જાણી નીર છે તો નુર છે, બાકી દુનિયા ધૂળ છે જો પાણી જાય એળે, તો દુઃખ આવે આપમેળે



અમરેલી, તા. ૨૩

સમગ્ર વિમાં ૨૪ ઓગસ્ટથી ૨૮ ઓગસ્ટ, ''વર્લ્ડ વોટર વીક'' ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવવા પાછળનો હેતુ લોકોને પાણી બચાવવા માટે પ્રેરણા આપવાનો, જળ નું મહત્વ સમજાવવાનો તેમજ જળને વેડફાતું અટકાવવાનો છે. વર્તમાન સમયમાં જળસમસ્યા દિન પ્રતિદિન વિકટ સ્વરૂપ ધારણ કરી રહી છે, ત્યારે જળ વ્યવસ્થાપન પણ યોગ્ય રીતે થાય તે મહત્વનું છે. સનાતન સંસ્કૃતિમાં તો જળને દેવનું રૂપ આપવામાં આવ્યું છે. જળસમસ્યાઓમાં અછત અથવા દુકાળ, પૂરને કારણે લીલો દુકાળ, પાણીની વહેંચણીમાં થતા વિવાદ, પાણીમાં અશુધ્ધિના કારણે થતા રોગો, વિનાશક ત્સુનામી, જમીનનું ધોવાણ જેવા પ્રશ્નો ઉકેલ માંગી રહ્યા છે.

માણસ ભોજન વગર લાંબા સમય સુધી જીવી શકે છે, પરંતુ પાણી વગર બેથી ત્રણ દિવસ પણ જીવવું મુશ્કેલ છે. આપણા શરીરમાં પણ અધિકાંશ ભાગ પાણી છે. જે જીવન માટે પાણી કેટલું મહત્વનું છે તેની સાબિતી આપે છે. તેમ છતાં આટલા મહત્વપૂર્ણ પાણી પ્રત્યે આપણો દષ્ટિકોણ ખૂબ સાધારણ અને ગેરજવાબદારી ભરેલું છે. ગુજરાત અને થાર જેવા ઘણાં વિસ્તારોમાં આજે પણ મહિલાઓનાં જીવનનો મહત્વપૂર્ણ ભાગ માત્ર પાણીની સમસ્યા હલ કરતા જ નીકળી જાય છે. પાણીનું વ્યવસ્થિત આયોજન અને વિતરણ વ્યવસ્થા ખૂબ જરૂરી છે.

પર્યાવરણની જાળવણી, વિકાસ, સામાજિક અને આર્થિક વિકાસ, ગરીબી ઘટાડા જેવી સમસ્યાઓનાં ઉકેલ માટે પાણી ખૂબ ઉપયોગી માધ્યમ છે. વિમાં સતત વધી રહેલી વસતી માટે ખાધ ઉત્પાદન, ઉર્જા, ઔધોગિક અને સ્થાનિક ઉપયોગ માટે પાણીની ઉપયોગિતા સતત વધી રહી છે. આપણી પૃથ્વી પર પણ ૭૭% ભાગમાં પાણી આવેલ છે, તેથી પૃથ્વીને "Blue Planet" પણ કહેવામાં આવે છે. આ પૃથ્વી પર જે ૭૧ % પાણી છે. તેમાંથી ૯૭.૨% પાણી દરિયામાં આવેલું છે. જે પીવા યોગ્ય નથી. આ ધરતી પર ૨.૧૫% પાણી બરફરૂપે રહેલ છે. ૦.૬૧% પાણી ભૂગર્ભમાં રહેલ છે. પૃથ્વી પર આવેલ જળાશયોમાં ૦.૦૦૯% પીવાલાયક પાણી રહેલ છે. ૦.૦૦૮% આંતરિક સમુદ્રમાં, માટીમાં ભેજના સ્વરૂપે ૦.૦૦૫%, વાતાવરણમાં ભેજ સ્વરૂપે ૦.૦૦૧% તથા નદીઓમાં ૦.૦૦૧% પાણી આવેલ છે. પૃથ્વી પર પાણીનો અખૂટ જથ્થો છે પણ પૃથ્વી પર રહેલ કુલ પાણીનાં જથ્થામાંથી ૯૭% પાણી ખારૂ છે જે પીવા યોગ્ય નથી. માત્ર ૩% પાણી જ પીવા યોગ્ય છે. જાણકારો તો માને છે કે હવે જો વિયુધ્ધ થશે તો તે પાણી માટે થશે. જો અત્યારે પાણી બચાવવામાં નહીં આવે તો ભવિષ્યમાં મોટી સમસ્યાઓ સર્જાય શકે છે. માત્ર પાણીનો બગાડ અટકાવવો જ જરૂરી નથી, પરંતુ સાથે સાથે તેના સંગ્રહની વ્યવસ્થા કરવી એટલી જ મહત્વની છે.

– મિત્તલ ખેતાણી
(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)

મણકાની એન્ડોસ્કોપીક અને મિનિમલ ઈન્વેસિવ સર્જરીના નિષ્ણાંત હવે આપણા અમરેલીમાં....
હવે... બદલાશે સારવારની પરીભાષા (ગોળ હોસ્પિટલ)
ઉપલબ્ધ સારવાર
કમર કે ગરદનની નસ ના દુ:ખાવા, જેમ કે સાઈટીકા માટે ઓપરેશન વગર ઈન્જેક્શન દ્વારા સારવાર.
કી હોલ (1.5 સેમી)ના ચેકા દ્વારા નસનું દબાણ હટાવવાનું ટાંકા વગરનું ઓપરેશન.
આધુનિક પધ્ધતિથી (Minimally invasive) દ્વારા સ્નાયુ કાપ્યા વગરનું ઓપરેશન.
ત્રાસી કમરની (Scoliosis) તકલીફ માટેનું ઓપરેશન.
દૂરબીન (Endoscopy) દ્વારા ખસેલી ગાદી માટેનું ઓપરેશન.
મણકાની અન્ય તમામ તકલીફ માટેનું સચોટ માર્ગદર્શન અને નિદાન
તારીખ : ૨૪/૦૮/૨૦૨૫ ( દર મહિનાના ચોથા રવિવારે ) સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
24/7 Emergency Services
ડો. મંથન એચ. માંડલીયા M.S.Otho(F.I.S.S.(U.K.Germany))
NETRA CHIKITSA TRUST MULTISPECIALITY HOSPITAL Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૯૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

દરિયો અમારો રોજીરોટી છે, પણ એ જ દરિયો અમને વિખેરી નાખે છે

# જાફરાબાદના લાપતા માછીમારોના પરિવારજનોમાં આક્રંદ ''અમને અમારો પતિ-પિતા પરત આપો''

## માચ્છીમારો માટે સુરક્ષા, સમયસરની ચેતવણી મજબૂત બનાવવી જરૂરી



જાફરાબાદ, તા. ૨૩

જાફરાબાદ તાલુકાનો દરિયો છેલ્લા એક અઠવાડિયાથી કુદરતી આફતસમાન સાબિત થયો છે. દરિયાની અનિશ્ચિતતા સામે ફરી એકવાર માછીમારોનું જીવન કાગળની નેકા જેવું બની ગયું છે. ''જય તાત્કાલિક'' નામની બોટ પલ્ટી જતા હજુ પણ બે માછીમારો લાપતા છે, જેના કારણે તેમના પરિવારજનોમાં આક્રંદ છવાયો છે.

**વાતાવરણ બદલાતાં સર્જાયું દુર્ઘટનાનું દ્રશ્ય**

સાગર ખેડુતો પોતાના રોજીંદા ધંધા માટે દરિયામાં ઊતર્યા હતા, પરંતુ કુદરત સામે કોઈનો વશ નથી. ૭ દિવસ પહેલા વાતાવરણમાં અચાનક ફેરફાર થયો–ભારે વરસાદ, વીજળીના ચમકારા અને દરિયામાં ઊંડો કરંટ. એ જ સમયે ''જય તાત્કાલિક'' બોટ પલ્ટી મારી ગઈ. આ બોટમાં કુલ ૯ માછીમારો હતા, જેમાંથી ૫ને બીજી બોટે સમયસર બચાવી લીધા. દુર્ભાગ્યવશ ૪ માછીમારો દરિયામાં તણાયા. ૫ દિવસની શોધખોળ બાદ ૨ના મૃતદેહો દરિયાકિનારે મળી આવ્યા, પરંતુ હજુ પણ ૨ લાપતા છે.

**લાપતા માછીમાર–હરેશભાઈ બીજલભાઈ બારીયા**

લાપતા રહેલા બેમાંથી એક છે હરેશભાઈ બીજલભાઈ બારીયા, જેઓ છેલ્લા ૧૫ વર્ષથી માછીમારીના વ્યવસાય સાથે જોડાયેલા છે. હરેશભાઈની પત્ની પૂનમબેન હરેશભાઈ બારીયા હાલમાં મુંબઈમાં રહે છે, જયારે હરેશભાઈના માતા–પિતા અને અન્ય પરિવારજનો જાફરાબાદમાં રહે છે.

**પૂનમબેન ભાવવિભોર બનીને કહે છે**

૭ દિવસ પહેલા પતિ સાથે આખરી વાર ફોન પર વાત થઈ હતી. તેમણે મને કહ્યું હતું કે બાળકોનું સારૂ ધ્યાન રાખજે અને અભ્યાસ કરાવજે. તેઓએ વચન આપ્યું હતું કે ૧૦ દિવસમાં પરત આવી જશે. પરંતુ એ વાત જ જીવનની આખરી વાત બની ગઈ. ત્યારથી આજ સુધી મારી આંખો દરિયાકિનારે જ અટકી

અનુસંધાન પાના ૬ ઉપર

વાયા અમરેલી, વલ્લભીપુર થઈને પસાર થશે

# અરે વાહ : સાવરકુંડલા–ગાંધીનગર વચ્ચે આજથી એરકન્ડિશન બસ સેવા શરૂ થશે

## મુસાફરો સગવડદાયક અને આરામપ્રદ મુસાફરી કરશે

સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા અને ગાંધીનગર વચ્ચે નવી એરકન્ડિશન્ડ બસ સેવા શરૂ કરવામાં આવી રહી છે. આ નવી સેવા આવતીકાલે તારીખ ૨૪ ઓગષ્ટ, ૨૦૨૫ થી શુભારંભ થશે એમ જાણવા મળ્યું છે.

આ બસમાં પ્રવાસીઓને વધુ સગવડદાયક અને આરામપ્રદ મુસાફરીનો અહેસાસ થશે. આ બસ સેવા આવતીકાલે સવારના ૬:૩૦ વાગ્યે સાવરકુંડલાથી રવાના થશે અને બપોરે ૧૨:૩૦ કલાકે ગાંધીનગર પહોંચશે. ગાંધીનગરથી આ બસ બપોરે ૩:૩૦ વાગ્યે રવાના થશે અને રાત્રે ૧૦:૦૦ કલાકે સાવરકુંડલા આવી પહોંચશે.

આ બસના મુસાફરી દરમિયાનનો રૂટ સાવરકુંડલા અમરેલી, વલ્લભીપુર અને ગાંધીનગરનો છે એવી જાણકારી મળી છે. આ નવી સેવા માટે સાવરકુંડલાના જનસામાન્યને વધારાની સુવિધા પૂરી પાડવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવીનો દિલથી આભાર વ્યકત કરવામાં આવી રહ્યો છે. આ બસના રૂટ સંદર્ભે ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું હતું. આ નવી એરકન્ડિશન્ડ બસસેવા સાવરકુંડલા શહેર તેમજ આસપાસના મુસાફરો માટે વરદાન સમાન ગણાય. આવી મહત્વપૂર્ણ સુવિધા પ્રાપ્ત થતાં લોકોને મુસાફરીમાં વધુ સરળતા, સુગમતા અને લોકોની યાત્રાને આરામદાયક બનાવશે. એમ મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું. ગુજરાત એસ.ટી. બોર્ડ દ્વારા આવી સુવિધા સભર એરકન્ડિશન્ડ સ્લીપર બસ સુરત તરફ જવાની એક બસ મળી જાય તો સોને પે સુહાગા એવું આમજનતા ઈચ્છે છે.

# શ્રાવણ કૃષ્ણ અમાવસ્યા પર સોમનાથ મહાદેવને અન્નકૂટ દર્શન શ્રૃંગાર



શ્રાવણ માસની અમાસના અવસરે શ્રાવણરૂપી શિવોત્સવનું સમાપન સોમનાથ મહાદેવના અન્નકૂટ શ્રૃંગાર સાથે કરવામાં આવ્યું હતું. સોમનાથ મહાદેવને વિવિધ પ્રકારના મિષ્ઠાન, પકવાન સાથે અન્નકૂટ ભોગ ધરાવવામાં આવેલા. આ શ્રૃંગારનો આધ્યાત્મિક સંદેશ એવો છે કે જે રીતે આહારમાં વિવિધ પ્રકારના સ્વાદ રસ રૂચિ ઉત્પન્ન કરે છે તે જ રીતે જીવનમાં વિવિધ તબક્કાઓ અને પડકારો ચડતી અને પડતી જીવવાનો ઉત્સાહ જાળવી રાખે છે. ત્યારે જીવનની દરેક પરિસ્થિતિને મહાદેવનો પ્રસાદ માની અને સ્વીકારીને આગળ વધવુ એ જ મનુષ્યનું કર્મ છે આ સંદેશ અન્નકૂટ શ્રૃંગારના માધ્યમથી ભકતોએ ગ્રહણ કર્યો હતો. ૫૨ ધ્વજાપુજા તથા ૬૮ સોમેર મહાપુજા થયેલી હતી. સાંજે ૭–૦૦ સુધીમાં ૭૯,૮૭૯ ભકતોએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા.

અમરેલીમાં ૧ ઇંચ, વડિયા, બગસરા, લાઠી સહિતનાં વિસ્તારોમાં દે ધનાધન

# અમરેલી જિલ્લામાં હળવા ઝાપટાથી લઈને સવા બે ઇંચ જેટલો વરસાદ : હજુ પણ વરસાદની સંભાવના

## જિલ્લાનાં અનેક ચેકડેમ, જળાશયો પાણીથી છલોછલ ભરાયા

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહીના આજે પણ સવારથી હળવા ઝાપટાંથી લઈ સવા બે ઈંચ જેટલો વરસાદ વરસતા અનેક નદી નાળા છલકાયા છે. અમરેલીમાં આજ સવારથી જ મેઘાએ મંડાણ કર્યા હતા. અમરેલીમાં સવારથી વરસતા વરસાદ વીશ બપોરે લગભગ ૧ વાગ્યા સુધીમાં ૧

અનુસંધાન પાના ૬ ઉપર



અમેરિકાનાં ટેરીફને લઈને ચિંતાના માહોલ વચ્ચે

# અમરેલીનાં ધારાસભ્ય કૌશિક વેકરિયાએ હીરા બજારનાં વેપારીઓ સાથે મુલાકાત કરી

## વેપારીઓએ પડકારજનક પરિસ્થિતિનુ વર્ણન કર્યું



અમરેલી, તા. ૨૩

અમરેલીના ધારાસભ્ય તથા નાયબ દંડક કૌશિક વેકરીયાએ બોમ્બે માર્કેટ હીરાબજાર ખાતે મુલાકાત લીધી હતી. હીરાબજારમાં કાર્યરત વેપારીઓ સાથે તેમણે મુલાકાત કરી તેમજ હીરા ઉદ્યોગની હાલની સ્થિતિ વિષે વિગતવાર વાર્તાલાપ કર્યો. હીરા વેપારીઓએ

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
89,900/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૩/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો 63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી, કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ The King of catering service
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૯૮૨૭૦ ૪૭૦૨૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફૂટ ચુરમાનાં લાડુ
અને રીંગણાનો રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

જોઈએ છે
Sheetal ICE CREAM
ડ્રાઈવર (હેવી લાઈસન્સ હોવુ જરૂરી)
અનુભવી અને ઈમાનદાર વ્યક્તિ એ નીચે મુજબના સરનામે ઓરીજનલ હેવી લાઈસન્સ અને આધાર કાર્ડ સાથે માત્ર રૂબરૂ મળવું.
રૂબરૂ મળવાનો સમય : સવારે 9 થી 11
સંપર્ક : જીતેન્દ્રભાઈ HR મેનેજર
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81, GIDC એસ્ટેટ, અમરેલી- 365601.

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફ્ટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્ક્રીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S., M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ, મરવાના વિચાર આવવા, વિચારવાયુ, વહેમ, શંકા, મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન, માથાનો દુ:ખાવો, જાતિય રોગો, વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, ફાકા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)